# વિયોગનું દુઃખ

બારે ઇલાહા,

તારી બારગાહમાં ફરિયાદ છે, તારા પૈયગંબરનું રૂખ્સત થવું, તારા ઇમામની ગયબત.

દુશ્મનોનો વધારો - દોસ્તોની કમી, બલા - ફસાદ - ફીત્નાની સખ્તીઓ - જમાનાની ગતિ - વધીની છળકપટ ખુદાયા તારી પાસે ફરિયાદ છે - કેમ ન હોય?

વિયોગનું દુઃખ મારી નાખે છે, અશ્રુભર્યા નયનો ક્યાં સુધી વાટ જોતા રહેશે - અમારા ઇમામનો વિયોગ અસહ્ય છે. ખુદા તને તારી ઇઝઝતની કસમ, અમારી શક્તિ ક્ષીણ થઇ ગઇ, સહનશક્તિ હદ આવી ગઇ, જગત પર અંધકાર પટ છવાઇ ગયો.

શું ઇમામનાં વિયોગમાં આરામ મળી શકે છે?

ચાહકની જુદાઇમાં ધીરજ રાખી શકાય છે?

ધીરજ અને આરામ વિદાય થઇ ગયો છે.

ફાટી આંખો ખૂણે ખૂણે ઇમામને શોધે છે.

યાકુબના ફરઝંદોની જેમ ખબર નથી ક્યાં અમારા યુસુફે-અઝીઝને ગુમાવી દીધાં. હવે એમના વિયોગમાં જીવન કઠણ અને અસહ્ય છે. શરમથી માથું નમાવી, પશ્ચાતાપનાં અશ્રુઓથી આંખો ભરીને આપણા યુસુફની સેવામાં અરજ કરીએ : એ અઝીઝ, અમને અને અમારા સંબંધીઓએ ઘેરી લીધાં છે. 'જે પુંજી અમે લાવીએ છીએ તે નજીવી છે. તો પણ અમને દાન સમજીને અમારા પાલવને ભરી દે. અમારા પર દયા અને મહેરબાની કર - ખુદા દાનીઓને નેક બદલો આપે છે.' (સુરએ યુસુફ આયત : ૮૮)

એ અઝીઝ, એ વાદળોમાં છુપાયેલા સૂર્ય, એ ગયબતમાં ચાલી ગયેલા વટેમાર્ગુ, એ ગરીબુલ - વતન, અમે ક્યાં સુધી તમારાં વિયોગમાં તડપીએ. દુન્યવી જીવન તમારા ચરણોમાં અર્પણ. વિયોગનું દુઃખ ક્યાં સુધી સહન કરીએ?

મુલાકાતનો શરફ ક્યારે નસીબ થશે? (મેળાપથી પાવન ક્યારે થશું?) (મેળાપથી પાવન ક્યારે થશું?) - અય અઝીઝ, એ કમનસીબ, નીરશીઓના રાહબર, એ દુઃખીઓનાં બેલી, એ લાચારોની ફરિયાદ સાંભળવાળા, એ અમારી અંતિમ આશા, અમારી આંખો રોજ પરોઢિયે આપની રાહ જુવે છે. શું શક્ય છે કે વિયોગની રાત્રી મુલાકાતની સવારમાં બદલાઇ જાય? એ અઝીઝ! તન પર પૈયગબરનું વસ્ત્ર, હાથોમાં રસૂલનો ધ્વજ, ખભા પર ઇમામનો ભાર, હાથોમાં અલીનું કુરઆન મૂસાની લાકડી મૂઠીમાં, સુલેમાનની વીંટી આંગળીમાં,.............

અય ફરઝંદે ઝહેરા, આ વાત કેટલી કઠીન છે કે અમો સર્વોને જોઇ શકીએ પણ ન જોઇ શકએ તો ફક્ત આપને 'અઝીઝુન એલૈયા અન અરલ ખલ્ક વ - લા - તરા'

એ અઝીઝ, ધરતી પર ખુદાની યાદગાર, પૃથ્વી પર કુદરતે ખુદાની નીશાની, બોલતું કુરઆન, ઇસ્મે આઝમે પરવરદિગા.

એ અઝીઝ, એ ફરઝંદે, 'યાસીન' અને 'તા-હા' એ સેરાતે મુસ્તકીમનાં દિલબંધ, એ ઝહેરાનાં દિલની ધારસ, એ સૈયદુસ શોહદાના લોહીના બદલો લેવાવાળા, અય નૂરે - અસ્કરી (અ.સ.) અંતે અમો ક્યાં સુધી વિયોગમાં તડપીએ? 'હલ એલયક યબ્ન અહમદ સબીલુન ફતુલક' અય અહમદના પુત્ર મુલાકાતનો કોઇ માર્ગ છે?

એ અઝીઝ, એ દુનિયાના ઇતિહાસમાં અધિક દુઃખી, આપ આપની નિગાહોંથી દુનિયામાં થતા ફીત્ના, ફસાદો, ઝુલ્મ, ના - ઇન્સાફી, અદાવત - દુશ્મની, લડાઇ, નાની નાની બાબતો પર ઝઘડાંઓ ........ જોઇ રહ્યા છો. ઇસ્લામ, મુસલમાન અને શિયાઓની હાલત જોઇને આપના દિલને ખૂબ જ દુઃખ થતું હશે.

પરવરદિગાર, આ રાતની ક્યારે સવાર થશે? આ વિયોગનાં ઝખમ માટે કોઇ મલમ છે?

એ અઝીઝ, એ ફરઝંદે ઝહેરા, એ વારિસે હુસૈન (અ.સ.) અને અબ્બાસ (અ.સ.) આપને આપની માદરેગીરામી ઝહેરાની કસમ હાથોને દૂઆ માટે ફેલાવો અને ખુદા પાસે તમારા ઝુહુર માટે દૂઆ માંગો જેથી તુટેલી પાંસળીને શાંતિ મળે.

એ ઇતિહાસનાં મઝલુમ, આપથી વધીને કોણ મઝલુમ છે. પૈયગંબર (સ.અ.વ.) તો

લાંબુ આયુષ્ય............
કુરઆનની દ્રષ્ટિએ

હઝરતે હુજ્જત (અ.સ.) જ્યારે પણ કોઇ વાતો થાય છે ત્યારે અમૂક જણાના દિલમાં એક આતુરતા - ચિંતા થાય છે, 'શું એ શક્ય છે કે એક માણસ બારસો વર્ષ સુધી જીવંત રહી શકે?' 'આટલાં વર્ષો સુધી જીવતા રહેવું સામાન્ય રીતે અશક્ય છે!'

આવા લોકોના વિચારો એ છે કે દુનિયામાં ફક્ત એ જ બનાવો વિશે બોલવું જોઇએ જે આજ સુધી બનતા આવ્યા છે અનેજે શક્ય છે કોઇ પણ બનાવ આજ સુધીના સામાન્ય બનાવોથી પર હોય અથવા આજ સુધી એ બનાવ બન્યો ન હોય, તો એ કબુલ કરવા યોગ્ય નથી! અગર પૂર્વગ્રહ વગર, હકીકત અને ઇન્સાફની નજરથી જોવામાં આવે તો દુનિયામાં દરરોજએવા બનાવો બનતા રહે છે જે આજ સુધી અસ્તીત્વમાં ન્હોતા આવ્યા. સાયન્સની દરરોજની શોધો એવી એવી હકીકતો સામે લાવે છે. જેને પહેલે કોઇ માનવા તૈયાર નહોતા. શું માનવજાતનું ચંદ્રમા પર જવું, આજે એક હકીકત નથી થઇ ગઇ? અવકાશમાં હવામાન જાણવા માટે સ્ટેશન બનાવ્યા એ અસંભવ હોવા છતાં આજે હકીકત નથી? શું આપણે એમ કહીને ટાળી શકીએ કે 'આજ સુધી એ બન્યું જ નથી?' કાલ સુધી એ બન્યું ન્હોતું કારણ કે માનવજાતનું જ્ઞાન સિમીત હતું આજે જ્ઞાનમાં વધારો થયો છે -- પ્રગતિ થઇ છે એટલે કાલની અશક્યતાઓ આજે શક્ય થઇ છે. આવતી કાલે, આજની અશક્યતાઓ પણ શક્ય થઇ જશે.

હઝરતે હુજ્જત (અ.સ.)ની લાંબી ઉમ્ર પર શંકા કરવી એ સિમીત અને અધુરા જ્ઞાનની પ્રતિતી છે. ખાસ કરીને એ સમયે બહુ જ અચંબો લાગે છે, જ્યારે કુરઆન પર ભરોસો રાખનાર આવી પાયા વગરની વાતો કરે છે! શું કુરઆને કરીમ કોઇ જગ્યાએ ઇન્સાનની ઉમ્રની કોઇ મુદ્દત બાંધી છે? આ સવાલની સામે કુરઆને હકીમ કોઇ જગ્યાએ ખુલાસાથી સાફ - સાફ શબ્દોમાં, કોઇ ઠેકાણે ઇશારો કરીને, લાંબી ઉમ્ર વાત કરી છે.

શક્ય છે

'સુરએ - સાફાત' માં જનાબે યુનુસ (અ.સ.) નો કિસ્સો બયાન કરતા કહેવમાં આવ્યું છે. 'ફ - લવ - લા - ઇન્નહૂ - કાના - મુસબેહીન - લ - લબેસા - ફી બતનેહી - એલા યવ્મે અ યુબઅસુન' (આયત ૧૪૩-૧૪૪)

'અગર જનાબે યુનુસ (અ.સ.) ખુદાની તસ્બીહ કરવાવાળા ન હોતે, તો કયામત સુધી માછલીના પેટમાં રહેતે' તફસીરે કશશાફમાં છે કે 'કયામત સધુી માછલીના પેટમાં જીવતા રહેતે.' (જી. ૪ - પાનું ૬૨) આથી એક વાત ચોખ્ખી થાય છે કે લાંબા સમય સુધી જીવતા રહેવું શક્ય છે - અસંભવ નથી.

હકીકત છે

લાંબી જીંદગીના બારામાં ફક્ત શક્યતા સુધી જ વાત નથી રહેતી, બલ્કે કુરઆનમાં એવા લોકોના કિસ્સા બયાન થાય છે, જેઓની વય, સામાન્ય કરતા ઘણી જ લાંબી હતી અને એમાંના કેટલાક તો આજે પણ હયાત છે.

જનાબે નૂહ (અ.સ. )

જનાબે નૂહ (અ.સ.) ના બારામાં કુરઆને આવી રીતે બયાન કર્યું છે, 'ખચીતજ , અમે નૂહને એમની કોમ તરફ મોકલ્યા, એમણે ૯૫૦ વર્ષ સુધી પોતાની કોમની રહેબરી કરી (અને હિદાયત કર્યા કરી) ('અનકબુત' - ૧૫) આ ૯૫૦ વર્ષ જનાબે નૂહ (અ.સ.) ની પુરી ઉમ્ર નથી, બલ્કે આ વર્ષો તો એમના ખાલી તબ્લીગના હતાં. આમાં એમની 'બે'સત'થી પહેલાં અને 'તૂફાન'ની પછીના સમયનું વર્ણન નથી. 'કશશાફે'અને 'ઇબ્ને કસીરે' પોતાની તફસીરોમાં જનાબે નૂહ (અ.સ.) ની વય ૧૦૫૦ વર્ષ લખી છે.' (તફસીર - 'ઇબ્ને કસીર' જીલ્દ ૩, પાનું ૪૦૭- 'કશશાફ' જીલ્દ ૩, પાનું ૪૪૫) જનાબે શેખ સદુકે (અ.ર.) ૨૦૦૦ થી વધારે વષૃની ઉમ્ર લખી છે રિવાયતોમાં છે કે હઝરત હુજ્જત (અ.સ.)માં હ. નૂહ (અ.સ.) નું મળતાવળાપણું છે અને એ 'તૂલે ઉમ્ર' (લાંબુ આયુષ્ય) છે.

જનાબે ખીઝ (અ.સ.) અને જનાબે ઇસા (અ.સ.)

આ તો વાત થઇ જ. નૂહ (અ.સ.) ની જેમને ખુદાએ લાંબુ આયુષ્ય આપ્યું અને એ પછી એ એ આ દુનિયામાં ન રહ્યા. કુરઆને

જનાબે ખીઝ્ર અને હ. ઇસા (અ.સ.) નું પણ વર્ણન કર્યું છે જેઓ હજી સુધી જીવતા છે. જનાબે ખીઝ્ર તો જનાબે મૂસા (અ.સ.) ના જમાનાથી જીવતા છે. '(ઇબ્ને કસીર' જી. ૩ પાના. ૯૯ - સુરએ 'કહફ'અને સુરએ 'મરયમ'ની આયતો જુઓ.)

હઝરત ઇમામ જઅફરે સાદિક (અ.સ.) ફરમાવે છે : ખુદાવંદે આલમે જનાબે ખીઝ્ર (અ.સ.) ને લાંબી ઉમ્ર એટલા માટે નથી આપી કે આપ નબી હતા અથવા કોઇ કિતાબ આપ પર નાઝીલ થઇ હતી, કે કોઇ શરીઅત આપવામાં આવી હતી. જેથી અગાઉની શરીઅતને રદ કરવાનો આશય હોય. એમને કોઇના ઇમામ પણ નહોતા બનાવ્યા, જેથી લોકો પર એમની ઇતાઅત (આજ્ઞાનું પાલન) વાજીબ હોય પણ ખુદાવંદે આલમના ઇલ્મમાં હઝરતે કાએમ (અ.જ.) અને એમની લાંબી ઉમ્ર હતી અને એ પણ ખબર હતી કે લોકો લાંબી ઉમ્રના કારણે, હઝરતનો ઇન્કાર કરશે એટલે ખુદાએ પોતાના એક નેક બંદા, જનાબે ખીઝ્રને લાંબી ઉમ્રઅતા કરી, જેથી હઝરતે હુજ્જત (અ.સ.) ની ઉમ્ર પર એક મજબૂત દલીલ સાબિત થાય. મુખાલેફીન (વિરોધીઓ) અને પૂર્વગ્રહ રાખનારાઓની પાસે કોઇ દલીલ ન રહે. ('કમાલુદ્દીન' પાનુ ૩૦૭, 'મુન્તખબુલ અસ્ર'૨૯૧)

કિસ્સો - જનાબે ઓઝૈર (અ.સ.) નો

અહિં સુધી વાત એ હતી કે ઇન્સાન કેટલો દિવસો સુધી હયાત રહી શકે છે. કુરઆન કરીમ ફક્ત અહીં પર જ વાત પુરી નથી કરી. બલ્કે વાત આગળ ચલાવતા ત્યાં સુધી પહોંચી કે અગર ખુદા ચાહે તો ઇન્સાનતો શું, પ એક ફળ પણ મુદ્દતો સુધી તાજુ રહી શકે છે.

જનાબે ઓઝૈરે ખાવાની વસ્તુઓ (અંજીર, દ્રાક્ષ, પાણી) પોતાની સાથે લઇ ખચ્ચર પર સવાર થઇ, એક એવા ગામમાંથી નીકળ્યા જે બહુ જ ખરાબ રીતે તબાહ અ બરબાદ થઇ ગયું હતું. ત્યાંના બધા જ રહેવાસીઓ મરી ગયા હતા. આ દ્રશ્ય જોઇને એમણે પોતાની જાતને સવાલ કર્યો : 'ખુદા આ મુરદાઓને કેમ પાછા જીવતા કરશે? કોણ એમને જીંદગી આપશે? ખુદાવન્દે આલમે પોતાની કુદરત થકી એમને (ઓઝૈરને) મોતની ગાઢ નિદ્રામાં સુવડાવી દીધા. જનાબે ઓઝૈર પોતાની ખચ્ચર સાથે ૧૦૦ વર્ષ સુધી ત્યાં જ મડદુ બની પડ્યા રહ્યા. ૧૦૦ વર્ષ પછી ખુદાવન્દે આલમે એમને ફરીવાર જીવતા કર્યા. ખુદાએ એમને પૂછ્યું : તમે અહીં કેટલા દિવસથી છો? એમણે કહ્યું : એક દિવસ અથવા એક દિવસથી પણ ઓછું.ખુદાએ કહ્યું : તમે અહિંયા ૧૦૦ વર્ષથી છો.... તમે જરા તમારા ખાવા - પીવાની ચીજો તરફ જુઓ. હજી સુધી ખરાબ નથી થઇ અને જેમની તેમ તાજી છે. એક નજર તમારા ખચ્ચર પર નાખો. એનૂં એક હાડકૂં જૂદું પડી ગયૂં છે. -- જુઓ અમે કેવી રીતે હાડકાંઓને ગોઠવીને એની ઉપર માંસ ચડાવીએ છીએ (ઓઝૈરે) જ્યારે બધું જ પોતાની આંખોથી જોઇ લીધું, તો કહેવા લાગ્યા : હું જાણું છું ખુદાવન્દે આલમ દરેક વસ્તુ ઉપર પ્રભુત્વ ધરાવે છે' (સુરએ બકરહ : ૨૦૮) આ આયતનું વિવેચન, તફસીરની કિતાબોમાં જોઇ શકાય છે.

ખરાબ ન થવું - ફૂલનું

આ કિસ્સામાં જે વાત ધ્યાન આપવા યોગ્ય છે, એ, એ છે કે ખુલ્લા આકાશની નીચે, ધૂળમાં, સૂર્યની સખ્ત ગરમીમાં જ્યાં જનાવરને એક હાડકાનો ઢગલો કરી નાખ્યો - ત્યાં અંજીર અને દ્રાક્ષ જે જલદી ખરાબ થઇ જવાવાળી વસ્તુઓ છે, એના પર કોઇ અસર ન થઇ. જ્યારે સામાન્ય રીતે આ વસ્તુઓ, તદ્દન ખરાબ થઇ ખલાસ થઇ ગઇ હોવી જોઇએ, આ વસ્તુઓ ૧૦૦ વર્ષ પછી પણ બિલકુલ તાજી રહી અને જરા પણ ખરાબ ન થઇ, ન એના સ્વાદ કે રંગમાં ફરક પડ્યો.

ગુલે -- નરજીસ

કુરઆને કરીમ અને ભરોસો રાખવાવાળાઓ માટે એક વાત બિલકુલ સ્પષ્ટ અને ચોખ્ખી થઇ જાય છે કે એ ખુદા જે જનાબે નૂહ (અ.સ.) ને બે હજાર વર્ષ સુધી એ જનાબે ખીઝ્ર અને જનાબે ઇસા (અ.સ.) ને અત્યાર સુધી જીવંત રાખ શકે, એ ખુદા શું પોતાની છેલ્લી દલીલ, આખરી હુજ્જતને એક લાંબી ઉમ્ર ન આપી શકે? જ્યારે મામુલી ફળ તાજા રહી શકે છે, તો ગુલે - નરજીસ, (જનાબે નરજીસ ખાતુનના ફરઝંદ) જનાબે હઝરતે હુજ્જત ઇબ્નીલ હસન અલ - અસ્કરી, મહદી આખરૂઝઝમાન અલયહીસ્સલામ પણ મુદ્દતો સુધી જીવતા રહી શકે છે અને જવાન પણ.

હઝરતની લાંબી ઉમ્ર અને જવાની કુદરતે ખુદાની નિશાની છે. ખચિત જ, આ વાત એ લોકોની સમજમાં નહી આવે, જે ખુદાને મજબૂર અને પોતાને સર્વ વસ્તુઓ પર કાબુ રાખનારા સરમુખત્યાર સમજે છે.

ખુદાના ફઝલથી હસને અસ્કરીના લાલ, આજે પણ જીવતા છે અને જ્યારે ઝુહુર - પ્રકટ થશે ત્યારે એમનો બેહિષ્કાર કરવાવાળા, એમને ન માનવાવાળાઓને પોતાને જ પોવતાની હકીકત ખબર પડી જશે.

ઇમામ મહદી (અ.સ.) વિષે એસોસીએશન ઓફ ઇમામ મહદી (અ.સ.) નું પ્રસિદ્ધ થના પ્રકાશન

'આશાને અજવાળે'

ની રાહ જુઓ

આપના નામ અને સરનામાં અમને મોકલી આપો.

એસોસીએશન ઓફ ઇમામ મહદી (અ.સ.)

પો. બોક્સ નંબર ૫૦૦૯

મુંબઇ - ૪૦૦ ૦૦૯

દરેક મોઅમીનની ઝબાન પર અને દિલમાં એક આરઝુ એક ઇચ્છા છે. :

'અલ્લાહુમ્મજ અલની – મીન – અન્સારેહ..'

'અંય – યર – ઝોકની – તલબ – સારેક – મઅ – ઇમામીન–મન્સુરીન – મીન અ અહલેબયતે – મોહમ્મદીન (સઅવવ)'

'પરવરદિગાર– મને એમના મદદગારોમાં શુમાર કર.....'

'(અય સય્યદુશ્શોહદા) આપ મને એવી તૌફીક અને સઆદત (ક્ષમતા અને શક્તિ) અપાવો કે મોહમ્મદે મુસ્તુફા (સ.અ.વ.) નાં એહલેબૈતમાંથી મદદ પામેલા ઇમામ (મહદી અ.સ.)ની સાથે આપના ખૂનનો બદલો લઇ શકું.' – હર મોઅમીનની આ જ તમન્ના – ઇચ્છા – છે કે ઇમામે આખર (અ.સ.) ના મદદગારમાં સુમાર થાય અને જ્યારે હઝરતનો ઝુહુર થાય ત્યારે એ પણ આપનો હમ – સફર, સાથે સાથ કૂચ કરવાવાળો હોય. અઇમ્માએ માઅસુમીન (અ.સ.) ની રિવાયતોમાં હઝરતના મદદગારોની સીફતો – ગુણો – બયાન થાય છે. અમૂક લાક્ષણિકતાઓ નીચે જણાવીએ છીએ.

**ઇમાન :** હઝરતના મદદગાર અને દોસ્તોમાં શામેલ થવા માટે સૌથી પહેલી શર્ત 'ઇમાન' છે. હઝરત રસૂલે ખુદા (સ.અ.વ.) ફરમાવે છે : 'મહદી મારી ઔલાદમાંથી છે, જેના થકી ખુદા પૂર્વ અને પશ્ચિમને ફતેહ કરશે . એ (મહદી) પોતાના દોસ્તોથી છુપાયેલા રહેશે. એમની ઇમામત પર ફક્ત એ લોકો જ સાબિત – કદમ રહેશે જેમના દિલની ખુદાએ ઇમાન થકી (ઇમ્તેહાન) પરીક્ષા લીધી હશે.' આ જ કારણે ગૈબતના જમાનાની દોઆઓમાં ઇમાન પર સાબિત કદમ રહેવા માટેની વારંવાર દરખાસ્ત કરવામાં આવી છે. ઝુહૂરમાં ઢીલનું એ એક કારણ છે, જેથી મોમીનની અજમાઇશ થઇ જાય. મુખ્લીસ અને ગૈરમુખ્લીસ (સાચા દિલથી ઇમાન લાવવાળા અને ઢોંગીઓ) એકબીજાથી જુદા થઇ જાય. જેનું ઇમાન મજબૂત હશે એ જ હઝરતના અન્સાર – મદદગારમાં સુમાર થશે.

**ઇબાદત :–** ઇબાદત મઅરેફતથી હાસીલ થાય છે. મઅરેફત એટલે કે જેટલી જાણકારી અને ઓળખ વધારે હશે એટલી જ ઇબાદતમાં વધારે ખુલુસ એટલે નિર્મળતા, સરળતા તથા શુદ્ધતા આવશે. હઝરતના મદદગારોની ઇબાદત, પણ નૂમનારૂપે (બેમિસાલ) હશે. એક રીવાયતમાં હઝરત ઇમામ જઅફરે સાદિક (અ.સ.) ફરમાવે છે (હઝરત મહદી (અ.સ.)ના મદદગાર વિશે બોલતા). એ એવા લોકો છે, જે રાત્રે સૂતા નથી. નમાઝોમાં એમના અવાજો મધમાખીઓના ગણગણાટ જેવા લાગે છે. (એટલે આખી રાત ઝીક્રે રૂકુઅ અને સુજુદમાં મશગુલ હોય છે.) રાતે ઊભા ઊભા જ આરામ કરતા હોય છે. સવારે પોતાના ઘોડાઓ પર સવાર થાય રાખીને ફરતા હશે. અને પોતાના ઇમામના હુકમથી ખુદાની નજદીકી મેળવશે. એકેએક જણ સિંહ જેવો હશે. તાકત – શક્તિ એવી હશે જો પહાડને ઉખાડી નાખવાની ઇચ્છા કરશે તો પહાડ પોતાની જગ્યાએથી ખસી જશે. ('ઇલ્ઝામુન – નાસીબ' પાનું – ૧૯૯) આ તાકત ખુદાની આપેલી હશે પણ એની બુન્યાદ – પાયો – મઅરેફતે પરવરદિગાર અને ઇતાઅતે ઇમામ હશે. (અલ્લાહની ઓળખ – જાણકારી અને ઇમામના હુકમની તાબેદારી હશે.)

અંધકારના દિવા : હઝરત રસૂલે ખુદા (સ.અ.વ.) ઇરશાદ ફરમાવે છે : 'ખુદાયા! મને મારા ભાઇઓથી મેળવી આપ!' એક સહાબીએ કહ્યું : 'અય ખુદાના રસૂલ (સ.અ.વ.) શું અમે આપના ભાઇઓ નથી?' ફરમાવ્યું : 'તમે મારા અસ્હાબ છો, ભાઇ નહીં. મારા ભાઇઓ એ લોકો છે જે આખરી ઝમાનામાં હશે, જે મને જોયા વગર મારા પર ઇમાન લાવશે. ખુદાએ મને એમના અને એમના બાપદાદાઓના નામ બતાડી દીધા છે..... આ લોકો અંધકારના દિવા છે. ખુદાના એમને દરેક પ્રકારની ફીત્ના – ફસાદથી મહેફૂઝ રાખશે.'

**એક ઢંગ, હાવભાવ, એક રીત :** હઝરતતના મદદગારો કેવી રીતે મક્કએ – મોઅઝ્ઝમામાં એકઠા થશે એ દ્રશ્યને મૌલાએ કાએનાત કંઇક આવી રીતે બયાન કરે છે. :

'જેમ કે હું એમને મારી આંખો સામે જાઉં છું, બધા એક જ રંગ, એક જ કદ, એક જ રૂપે, એક જ પહેરવશે, જાણે કે બધા એક જ દિલવાળા, પોતાની ખોવાઇ ગયેલી વસ્તુને શોધી રહ્યા છે. અને એમની પોતાની હાલત હેરાન – પરેશાન છે એવામાં એક શખ્સ કાબાની દિવાલને ખૂણેથી જાહેર થશે અને ગીલાફ (કાઅબાની દિવાલ ફરતે કાળું કપડું) ની નીચેથી નીકળશે... જેની સૂરત અને શકલ, શિષ્ટાચાર, ચાલ ચલણ રૂપે તેમજ મોહકતા રસૂલે ખુદા (સ.અ.વ.) થી મળતા હશે. લોકો એમને પૂછશે : 'શું આપ મહદી છો?' એ એમને જવાબ આપશે : 'હા! હું મહદી છું.' પછી બધા એમના હાથો પર બયઅત કરશે. (પ્રતિજ્ઞા લેશે)' ('અલ મુલાહીમ વલ ફતન' પાનું ૧૨૨) ખરેખર કેટલા ખુશનસીબ એ લોકો હશે જેમને હઝરતની ઝીયારત કરવાનું માન (આદર) મળશે. આ લોકો દુનિયાના ખૂણેખૂણેથી ફરતા ફરતા કાઅબામાં ભેગા થશે. એમાંથી કેટલાક એવા હશે કેજે જમીનના પંથને એક પળમાં કાપી નાખશે. વળી કેટલાક એવા હશે જે વાદળોની જેમ સરતા – સરતા પલકવારમાં આવશે. એમાંના બધા જ જવાન હશે. આટલી બધી ખૂબીઓ હોવા છતાં એ લોકો નમ્રતાના સ્વામી હશે. એટલે સુધી કે હઝરતના અશ્વની પીઠ ઉપરના જીન પર પોતાના હાથ ફેરવતા હશે એન બરકત મેળવતા

# રજઅત

'રજઅત' ઇસ્લામનો એક માન્ય અકીદો છે કુરઆની આયતો અને રિવાયતો તેની હક્કાનિયત પર (સચ્ચાઇ પર) દલીલો રૂપે પ્રકાશ પાડે છે, પણ અફસોસ કે આટલી સ્પષ્ટ હકીકત પણ કૌમી તઅસ્સુબ (પક્ષપાત) અને શૈતાની વસવસાઓને ભેટ ચઢી ગયેલ છે. એ જ વસ્તુઓ જેની બિના પર અહલેબૈતે અત્હાર (અલૈહિમુસ્સલામ) ની ફઝીલતને છુપાવવામાં આવી અથવા તેમાં ફેરફાર કરવામાં આવ્યો, જેની બિના પર હદીસો ઘડવામાં આવી, એ જ કારણો કે જેની બિના પર હકીકતોને વિપરીત કરી નાખવામાં આવી, એ જ સૌ વાતોની બિના પર 'અહલે સુન્નત'ના ભાઇઓએ ઇસ્લામના આ સ્પષ્ટ અકીદાથી પણ ઇન્કાર કરી દીધો. અને કુરઆન અને રિવાયતોની વાઝેહ - સ્પષ્ટ દલીલો છતાં તેનો મુસ્અલો શીયા અને સુન્ની આલિમો વચ્ચે ચર્ચા અને વાદવિવાદનો અગત્યનો વિષય બનીને રહ્યો અને તેના પર ગરમાગરમ ચર્ચાઓ થતી રહી. સવાલ એ છે કે શું સુન્ની આલિમો શીયા આલિમોની દલીલોના જવાબ આપી શક્યા કેમ નહીં?

- આ સવાલનો જવાબ આપને આ લેખ વાંચ્યા પછી જાણી શકાશે....

(૧) 'રજઅત'નો શો અર્થ છે?

- રજઅત - 'રૂજૂઅ'માંથી બનેલો છે જેનો અર્થ થાય છે 'બાઝગત'-(પડઘો) - વાપસી (પાછા ફરવું) અને 'ઇફતિલાહી' (પારિભાષિક) રીતે અમૂક રીતે મરી ગયેલાઓનું કિયામત થવા પહેલા ઝિંદા થવું - જીવતા થઇ જવું - ચતે લોકો જેઓ જેઓ મૌતના ખોળે ભરઊંઘમાં સૂતેલા છે તેમને ખુદાની લાઝવાબ કુદરત, આ દુનિયામાં ફરીથી જીવતા કરશે.-- એટલે કે સામાન્ય રીતે લોકો એક વખત આ દુનિયામાં મરશે તો પછી કિયામતમાં જીવતા કરવામાં આવશે, જ્યારે આ લોકોને બે વખતે જીવતા અને મુર્દા કરવામાં આવશે, એક વેળા આ જ દુનિયામાં અને બીજી વેળા કિયામતમાં.

(૨) શું રજઅત મુમક્નિ (શક્ય) છે?

અહલે સુન્નતની તરફથી 'રજઅત'નો ઇન્કાર કરવાનું કારણ ખરું જોતા આ જ સવાલ છે. દુનિયામાં ફરીથી જીવતા થવાનું ખૂબ વધારે મુશ્કેલ છે જો કે ખુદા અને તેની અપાર કુદરત (શક્તિ) પર જેઅ યકીન ધરાવે છે તેમની દ્રષ્ટિએ મુરદાઓનું ફરીથી જીવતા થવું મુશ્કેલ ની, કારણ તે જ ખુદા તેમને ફરથી ઝિંદા કરશે, જેણે તેમને અગાઉ પેદા કર્યા હતા. આ ઉપરાંત તમામ મુસલમાનોનો એ સર્વસામાન્ય અકીદો છે કે કિયામતમાં તમામ ઇન્સાનોને ફરી ઝિંદા કરવામાં આવશે. એ ખુદા જે તમામ ઇન્સાનોને ફરીથી ઝિંદા કરી શકે છે, તેને માટે અમૂક લોકોને ફરીથી જીવતા કરવાનું કાર્ય ક્યાં અઘરું છે? આ બિના પર - રજઅત - કિયામતથી વધુ આસાન છે.

(૩) શું બધી જ વ્યક્તિઓની રજઅત થશે?

આયતો અને રિવાયતો અનુસાર, રજઅત - કિયામતની જેમ સૌ કોઇને માટે નથી. બલ્કે અમૂક લોકોની દુનિયામાં 'રજઅત' થશે. 'અહલે બૈત' (અ.સ.) ની રિવાયતો મુજબ ફક્ત બે પ્રકારની વ્યક્તિઓ-રજઅત કરશે - એક ત તે કે ખરેખર હકીકી મોમિન હશે અને બીજા તે જે પાક્કા કાફિર હશે. બાકીની વ્યક્તિઓની રજઅત નહી થાય અને તેમની પણ રજઅત નહી થાય જેઓ ઇલાહી અઝાબની બિના પર મરણ પામ્યા હશે.

(૪) રજઅત ક્યાર થશે?

રિવાયતમાં જે - 'રજઅત' - તરફ ઇશારો છે તે હઝરત મહદ (અ.સ.) ના ઝહૂરની સાથે હશે અને તે ચોક્કસ આખરી ઝમાનામાં થશે અને તે કિયામતની અલામતનો (નિશાનીઓ)માં એક ચોક્કસ અલામત છે.

(૫) રજઅતનો ફાયદો શો છે?

જો કે આ રજઅત - ફક્ત ઇમામ મહદી (અ.સ.) ના ઝુહૂરની સાથો સાથ થશે, રિવાયતોમાં તેનો એક ફાયદો ઇસ્લામની ઇઝઝત, સરબુલંદી અને કુફ્રની ઝિલ્લત - પસ્તી (અધોગતિ) દખાડવાનો છે. જાણે કે રજઅત - કાફિરો, ઝાલિમો - સિતમગારો માટે દુન્યવી અઝાબ છે. એ લોકો કેવી રીતે મોમિનો અને મુસલમાનોને સતાવ્યા હતા. ઝલીલ કર્યા હતા, આજે તેઓ પોતાના અને તેમના અંજામને જોશે અને એવી જ રીતે આ - રજઅત - મોમીનીન માટે એક પ્રકારનો દુન્યવી સવાબ છે, જેથી તેઓ જુએ કે કેવી રીતે ખુદાએ ઝાલિમો પાસેથી આ દુનિયામાં ઇન્તેકામ લીધો અને કેવી રીતે મોમેનીનને અઝમત અને કુદરત અતા કરી. અલબત્ત તે બન્ને માટે આખિરતના અઝાબ સવાબ તો પોતાપોતાની જગ્યાએ બાકી જ રહે છે.

(૬) શું ગત ઉમ્મતોમાં પણ - રજઅત - થયેલી છે?

ગત ( એટલે કે થઇ ચૂકેલી) ઉમ્મતો બાબત પણ કુરઆને કરીમે રજઅતનો ઉલ્લેખ કર્યો છે. (૧) જ. મૂસા (અ.સ.) ના ઝમાનામાં સિત્તેર માણસો માર્યા બાદ ફરી જીવંત થવું (સૂરએ

'બકરહ' આયત - ૬-૫૫) (૨) 'બની ઇસ્રાઇલ'ના મકતુલનું કરીથી જીવંત થવું - ('સુરએ બકરહ' આયત - ૩,૭૨) (૩) હ. હિઝકીલ (અ.સ.) ની ઉમ્મતમાં હઝારો આદમીઓનું ફરીથી જીવતાં થવું (સુરએ 'બકરહ' આયત - ૩, ૨૪) (૪) હ. ઉઝૈર અને તેમના ગધેડાનું સૌ વર્ષ પછી ફરીથી જીવતાં થવું. (સુરએ 'બકરહ' આયત - ૨૫૯) (૫) - ત્રણસો નવ વર્ષની મુદ્દત બાદ, 'અસ્હાબે કહફ'નું ફરીથી ઝિંદા થવું. (સુરએ 'કહફ'આયત - ૨૫) - (૬) હ. ઇસા (અ.સ.) ના હાથો પર મુર્દાનું જીવંત થવું. (સુરએ 'આલે ઇમરાન', આયત - ૪૯, 'માએદહ' આયત - ૧૧૦) - (૭) હ. ઇબ્રાહીમ (અ.સ.) ની સામે ચાર પરિન્દાઓનું ફરીથી જીવતા થવું - (સુરએ 'બકરહ' આયત - ૨૬૦) (૮) હ. ઐયૂબ (અ.સ.)ના ફરઝન્દોનું મરવા પછી ઝિંદા થવું. (સુરએ 'અમ્બિયા' આયત -૮૪)

આ તમામ વાકેઆઓની વિગત અ 'કસસુલ અમ્બિયા' અંગેની કિતાબો એન ઉપરોક્ત આયતો અંગેની તફસીરોમાં જોઇ શકાય છે. આ મિસાલો પરથી આ વાત વાઝેહ થઇ જાય છે કે મરવા પછી અમૂક લોકો ફરીથી ઝિંદા થતા હોય છે. આ મિસાલો બાદ રજઅત, 'નામુમકિન' (અશક્ય) હોવાનો કોઇ સવાલ જ નથી. જ્યારે કે 'ઇમકાન' (શક્ય) માટે ફક્ત એક મિસાલ જ પૂરતી હોય છે.

(૭) રજઅતના અકીદા પર કુરઆનમાં કોઇ દલીલ છે?

ઉપર જણાવવામાં આવેલી આયતો રજઅતનો અકીદો સહીહ (સત્ય) હોવાની તેમ ઇસ્લામી હોવાની દલીલ રજુ કરે છે. આ આયતો ઉપરાંત પણ આયતો છે કેજે રજઅતને વાજહે રીતે બયાન કરે છે, જે આયતોનમાંની એક આયત આ છે (સુરઅ 'નમ્લ' - આયત - ૮૩) - સારાંશ - 'જે દિવસે અમે કાફિરોના દરેક ગિરોહમાંથી અમુક લોકોને 'મશહૂર' (ફરીથી જન્માવવું) કરીશું.'

આ આયત ત્રણ બાબતોની બિના પર કિયામત સાથે સંબંધ ધરાવતી નથી. **(અ)** તમામ મુસલમાનો આ બાબત પર એક મત છે કે કિયામતમાં તમામ ઇન્સાનો અ મેહશુર થશે. જ્યારે કે આ આયતમાં દરેક ગિરોહમાંથી અમૂક લોકોને મેહશૂર - (પુનરજન્મ) કરવાનો ઉલ્લેખ છે. **(બ)** આ આયતની પહેલા 'દાબ્બતુલ અર્ઝ' નીકળવાનો ઝીકર છે. રસૂલે ખુદા (સ.અ.વ.ા ની હદીસોમાં, 'દાબ્બતુલ અર્ઝ'ને કિયામતની નિશાનીરૂપે બતાવવામાં આવ્યું છે. ('સહીહમુસ્લિમ' કિતાબુલ ફિતન, બાબુલ આયાત 'અલ્લતી તકૂન કબ્લસ્સાઅહ') આ પરથી મઅલૂમ થાય છે કે અમુક લોકોનું, કિયામતથી પહેલા, જીવતાં થવું - 'દાબ્બતુલ અર્ઝ' - નીકળવાની સાથે થશે. (ક) આ આયત પછીની આયતોમાં 'સૂર' ફુંકવાનો અને કિયામત બર્પા થવા વિશેનો ઉલ્લેખ છે. આ પરથી જણાય છે. આ પરથી જણાય છે કે અમૂક લોકો - 'સૂર'થી પહેલાં એટલે કે કિયામત અગાઉ ઝિંદા કરવામાં આવશે.

આ વાતોથી સ્પષ્ટ થાય છે કે કુરઆને કરીમ. કાયદેસર રીતે અ 'રજઅત' - નો ઉલ્લેખ કરે છે. આ બિના પર રજઅતનો અકીદો કુરઆન અને ઇસ્લામી અકીદો છે.

(૮) શું આ આયતોની મતલબ રજઅતથી ઇન્કાર છે?

'અહલેસુન્નત'- જ્યારે ગત આયતો અંગે કોઇ મઅકુલ - તવજીહ કરી નહી શક્યા તો તેઓએ રજઅતના ઇન્કાર અંગે બીજી આયતો તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું અને અમુક આયતોની ઝાહેરી મઆનાથી તમસ્સુક કરીને (બાહ્યાર્થનો આશરો લઇને) રજઅતની વિરુદ્ધ દલીલો કાયમ કરી અને આ આયતને દલીલરૂપે પેશ કરી. (સુરએ અમ્બિયા - ૯૫) સારાંશ : 'જેમને અમે હલાક કર્યા છે તેમની ફરીથી બે વખત વાપસી (પુનરાગમન) નહી થાય - એટલે કે - 'રજઅત' નહી થાય..' ! પરંતુ જો કોઇ થોડીઘણી સમજ ધરાવતા હોય તો અને તેના અર્થને સમજવાની સલાહીયત રાખતા હોય તો તેઓ બહુ આસાનીથી સમજી શકશે કે આયતોમાં રજઅતનો ઇન્કાર કરવામાં નથી આવ્યો બલ્કે આ આયત તે લોકોનો હાલ બયાન કરી રહી છે કે જેઓ ઇલાહી અઝાબને ઝરીએ હલાક કરવામાં આવ્યા છે અને આ બાબત ત્રીજા સવાલમાં આવી ચૂકી છે.

આ ઉપરાંત એમ પણ કહે છે કે જ્યારે - મુશરેકીન - ખુદાવંદે આલમથી દુનિયમાં પાછા જવાની માંગણી કરશે તો તેમને નકારમાં જવાબ આપવામાં આવશે. (સુરએ 'મોમેનૂન'- ૯૯-૧૦૦) અને જ્યારે વાપસીની ઇજાઝત, પાછા ફરવાની પરવાનગી નહી મળે તો રજઅત પણ નહીં થાય! જ્યારે કે વાત એમ નથી. કારણ કે કાફરો અને મુશ્કેરીનની બાઝગશ્તનો મકસદ નેક કામને અંજામ આપવાનો છે, જેથ કરી પાછા અઝાબમાં, મુબ્તેલા થાય નહીં. જેથી ફરી પાછા અઝાબમાં, મુબ્તલા થાય નહીં. જ્યારે કે - રજઅતમાં એવું નહી થાય. અને આ બાબત પાંચમાં સવાલમાં થઇ ચૂકી છે કે રજઅતનો મકસદ અઅમાલની ઇસ્લાહ નથી અને અઅમાલની ઇસ્લાહ માટે રજઅત નથી અને કુરઆનની શબ્દોમાં જો તેમને ફરીથી મોહલત આપવામાં આવે તો પણ તેઓ એ જ કામ અન્જામ આપશે, જે પહેલાં તેઓ કરતા રહ્યા હતા.... (સુરએ 'અન્આમ' - ૨૮) જ્યારે કે - રજઅત - ઇસ્લામની અઝમત અને બુલંદી અને કુફ્રની ઝબૂંહાલી (અવદશા) જોવા માટે હશે.

(૯) - 'રજઅત' - અને સુન્ની મઅખઝ

દરેક ઇન્સાફપસંદ સુન્નીની ફરજ છે કે તે રજઅતનો સ્વિકાર કરે, કેમ કે -

(અ) રજઅત મુમકિન (શક્ય) છે અને મુમકિન ખુદાને માટે મુશ્કીલ નથી. (આ) કુરઆને સંખ્યાબંધ જગ્યાઓ પર રજઅત હોવા વિશેની ખબર આપી છે. (ઇ) કુરઆને વાઝેહ તરીકા પર કિયામતથી પેહલા રજઅત થવા વિશેનો ઉલ્લેખ કર્યો છે. (ઉ) રસૂલે ખુદા (સ.અ.વ.) એ સંખ્યાબંધ રિવાયતોમાં ઇરશાદ ફરમાવ્યું છે, 'જે વાતો ગત ઉમ્મતો (ઇસાઇ અને યહૂદી) માં થઇ ચૂકી છે, તે મારી ઉમ્મતમાં જેમની તમે હૂબહૂ થશે, તે એટલે સુધી કે જો તે કોઇ જાનવરના નિવાસમાં થયા હશે તો તમે પણ ત્યાં કદમ મૂકશો.' (બુખારી કિતાબુલ એઅતેસામ, બ - કૌલીન્નબી, ઇબ્ને માજાહ - અફઝાકુલ ઉમમ) આ રિવાયતોથી જાણી શકાય છે કે જે કાંઇ 'બની ઇસ્રાઇલ' કૌમમાં થયું છે, તે રસૂલે ખુદાની ઉમ્મતમાં જરૂર થશે.

જો આપણે છઠ્ઠા સવાલને ધ્યાનપૂર્વક વાંચીએ તો જણાશે કે 'બની ઇસ્રાઇલ'માં સંખ્યાબંધ - રજઅતો - થયેલી છે.

આ બિના પર આ ઉમ્મતમાં પણ રજઅતનું થવું જરૂરી છે. આ છતાં પણ કોઇ રજઅતનો ઇન્કાર કરે તો રસૂલે ખુદા (સ.અ.વ.) ની હદીસનો ઇન્કારક કરી રહ્યા છે. કુરઆનની એક આયત અને રસૂલ (સ.અ.વ.) ની રિવાયત પર ઇમાન લાવવું દરેક મુસલમાનની પહેલી ઝિમ્મેદારી છે, એટલે જ-'રજઅત'-નો અકીદો રાખવો દરેક મુસલમાનનો ફરીઝો છે.

(૧૦) શું રજઅત તનાસુખ છે?

જે લોકો આ સવાલની બિના પર રજઅતનો ઇન્કાર કરવા ચાહે છે, તેમને જોઇએ કે તેઓ કિયામતનો ઇન્કાર પણ કરી દે. કારણ કે કિયામતની જેમ રજઅતમાં પણ લોકોને ફરીથી ઝિંદા કરવાનો ઉલ્લેખ છે, જ્યારે કે રજઅત, કિયામત અને તનાસુખમાં ઘણો ફરક છે. 'તનાસુખ'એટલે કે મર્યા પછી રૂહનો કોઇ બીજા ઇન્સાન યા હેવાનના બદનમાં મુન્તકિલ (સ્થળાંતર) થઇ જવું. જ્યારે કે રજઅત અને કિયામતનો મતલબ રૂહનો નકલ અને ઇન્તેકાલ નથી બલ્કે મુર્દા ઇન્સાનને ફરીથી જીવતા કરવાનું છે અને તે જ ઇન્સાનને ઝિન્દા કરવાનું છે, નહી કે તેની રૂહ અને તેના બદનને - તે ઉપરાંત રજઅતની અકીદાનો મતલબ, હરગીઝ હરગીઝ કિયામનો ઇન્કાર નથી.

(૧૧) અહલે સુન્નત રજઅતનો શા માટે ઇન્કાર કરે છે?

સવાલ નં. ૬,૭, અને ૯માં જવાબ વાઝેહ થઇ ગયા પછી રજઅતનો ઇન્કાર અથવા તેને મુશ્કેલ તરીકે ખ્યાલ કરવો તે માટેની કોઇ મઅકૂલ વજેહ નથી, તો હવે રજઅત કબૂલ નહી કરવાની વજેહ, યા તો તેને મુશ્કેલ ખ્યાલ કરવાની બિના પર છે, યા તો આયતો અને રિવાયતો પર સંપૂર્ણ ઇમાન નહી હોવાની બિના પર છે, અને આ બન્ને વાતો હકીકી મુસલમાનોની શાનની વિરુદ્ધ છે અને ઇમાનની રૂહની દૂર છે અને જેનું પરિણામ કુરઆન અને હદીસનો ઇન્કાર છે અને જે પર બાકી રહેવું કુફ્ર છે.

(૧૨) શું રજઅત પર એઅતેકાદ રાખવો જરૂરી છે?

દરેમ મુસલમાન કુરઆન અને હદીસ પર એઅતેકાદ ધરાવે છે અને કુરઆન અને હદીસમાં રજઅતનો રીતસર ઉલ્લેખ છે, તેવી રજઅત પર અકીદો રાખવો દરેક મુસલમાનની ફરઝ છે અને જ્યાં સુધી 'અહલેબૈત' અસ્મત અને તહારત (અ.સ.) ની રિવાયતોનો સવાલ છે, તો ત્યાં રજઅત એઅતેકાદ - ઇમાનનો અંશ ઠરાવવામાં આવ્યો છે. (મન - લા - યહઝરહુલ - ફકીય, ભાગ - ૩, પાનું -૨૯૧, હદીસ ૧૩૮૪, નકલ અઝ : હઝરત ઇમામ જઅફર સાદિક અ.સ.)

ખુદાવંદે આલમે હઝરત ઇમામ મહદી (અ.સ.) ના ઝૂહુરમાં જલ્દ અઝ જલ્દ, તઅજીલ ફરમાવે, અને આપણને તેમના ઝમાનામાં રજઅત કરવાવાળા મોમેનીને ખાલિસમાં સુમાર, ફરમાવે, જેથી આપણી આંખોથી કુફ્ર પર ઇસ્લામની વાઝેહ ફતેહને જોઇ શકીએ, કુફ્ર અને ઝુલ્મની તબાહીને જોઇએ અને હ. મહદી (અ.સ.) ની આદિલોના (ન્યાયી) કરી શકીએ.- આમીન.

તમામ મુસલમાનો આ બાબત પર સંમત છે કે આખરી ઝમાનામાં હ. ફાતેમા (સ.અ.) ના વંશમાંથી હ. ઇમામ હુસૈન (અ.સ.) ની ઔલાદમાં એક શખ્સ ઝાહેર થશે, જે ઝુલ્મ - સિતમથી દુનિયાને મુક્ત પાક કરી દેશે.....

દરેક મુસલમાન પોતાની દીની ફર્ઝ માને છે કે જે કોઇ વાત નબી સાહેબે (સ.અ.વ.) ફરમાવી હોય તે પર ઇમાન લાવે. કારણ કે અનેક હદીસો અને વાઝેહ રિવાયતો એ બાબતમાં રસુલે ખુદા (સ.) તરફથી ફરમાવવામાં આવગી છે એન આજ સુધી કોઇ - સહાબી, તાબેઇ અને બન્ને પક્ષોના કોઇ પણ આલિમ, મોહદદિસ, મોહસ્સિર - મોઅર્રિખે (ઇતિહાસકાર) તેનો ઇન્કાર કર્યો નથી બલ્કે સામાન્ય રીતે દરેક મઝહબ અને ફિર્કા, હનફી, માલિકી, શાફેઇ, હમ્બલી, અહલેહદીસ, વહાબી, ...... દરેકે પોતાના રાસિખ અકીદા તરીકે ઉલ્લેખ કર્યો છે. અને આ અકીદાની - હક્કાનિયત (વાસ્તવિકતા) પર કાં તો - મુસ્તકલ - કિતાબો લખેલી છે અથવા કિતાબોની ફસ્લો (પ્રકરણો) તે અંગે - મખસૂસ કરેલ છે.

આ વાઝેહ અને રોશન હકીકત છતાં અમુક રોશન ફીક્ર- સુન્ની લેખકો તેમની ઓછી જાણકારી અથવા પોતાના સ્વાર્થની બિના પર પુરોગામીઓના સુન્નતથી અલગ જઇને મહદવીય્યતના અકીદાને શક અને તરદીદ (રદિયા) ની નજરે જોઇ રહ્યા છે અને નબવી હદીસોનો ઇનકારકરવામની કોશિશ કરી રહ્યા છે. નબીએ કરીમ (સ.અ.વ.) ની આ હદીસ કે 'ઝુહૂરે મહદીનો ઇન્કાર જેણે કર્યો તે કાફિર છે.' તેનાથી બચવાને અને ખુશઅકીહદ મુસલમાનોના અલન - તઅન -થી બચવા માટે આ હદીસોની તવજીહ કરીને કહે છે કે 'આ અકીદો ત્રીજી સદી હિજરીમાં શીઓઓએ ઇજાદ કર્યો છે.' આવા પ્રકારના લોકો હું હકીકતમાં, ખુદા, રસુલ અને કિયામત પર ઇમાન ધરાવે છે?

જાહેરમાં રોશન ફિક્ર એવા લોકોમાં હમ અસ્ર (સમકાલીન) મોઅલ્લિફ (કર્તા) મન્ઝૂર નોઅમાની પણ છે, જેઓએ ઇરાની ઇન્કિલાબ પર કિતાબ લખીને શીઆઓ વિરૂદ્ધ ખૂબ દિલની ભરાસ કાઢી છે અને કિતાબની એક ફસ્લ (પ્રકરણ) પાના ૧૬૮ થી ૧૮૧ અ 'અકીદ - એ - મહદીવીયત' ને મખ્સૂસ કરી છે. તેમની જાંફેશાની અને ઉમ્રભરના સંશોધનનું પરિણામ આ બાબતો છે. :-

(૧) 'અકીદ - એ - મહદી' ચાર નાયબોની ઇજાદ (શોધ) છે. - ચાર નાયબો (હિ. ૨૬૦ થી ૩૨૯)ની પહેલાં તેનું કોઇ વજૂદ નહી હતું.

(૨) 'ઇમામ મહદી, માત્ર શીઆ અકીદો છે, સુન્નીઓ સાથે (જેઓ ચાર નાયબોના કાઇલ જ નથી.) તેનો કોઇ સંબંધ નથી.'

(૩) 'ઇમામ હસન અસ્કરી (અ.સ.)ને કોઇ અવલાદ નહી હતી.'

(૪) 'શીઆઓના અકીદો છે કે હ. મહદી સાર્મરાની એક ગાર - (ભોયરા) માં છુપાયેલા છે અને ઝુહૂર સુધી રહેશે....'

જ્યારે કે અહલે સુન્નતના બુઝુર્ગ ઓલોમા, મોહદદેસીન, અને મોતકલ્લેમીન, જેવા કે - હાફિઝ જલ્લાલુદ્દીન સયૂતી - શાફેઇ, (૯૧૧ હિ.) - હાફિઝ ઇબ્ને સબ્બાગ માલિકી (૮૫૫ હિ.) અલ્લામા કાઝી મોહમ્મદ શોકાની (૧૨૫૦ હિ.) - હાફિઝ અબૂ નઇમ, ઇસ્ફહાની (૪૩૦ હિ. અને હાફિઝ અલી બિન હુસમુદ્દની મુન્તકી હિન્દી (૯૭૫ હિ.) એ બિદઅતઆમેઝ અકીદતો (જેમ કે આ ચાર વાતો)ની વિરુદ્ધ અને તેના રદિયામાં સંખ્યાબંધ કિતાબો લખી છે અને આ વિષેના સવાલોના જવાબો આપ્યા છે કે આ ચારે વાતો ખુદ બિદઅત અને ઝલાલત છે, તે ઉપરાંત તવારીખી અને હદીસની સાક્ષીઓની રોશનીમાં અહલે સુન્નતના અકીદાઓની વિરૂદ્ધ છે. ...

- આ સાથેના લેખમાં આપણે એ ચારે વાતો પર અવલોકન કરીશું.

(૧) 'અકીદ - એ - મહદી, શું ચાર નાયબોની શોધ છે?'

આ ઇબારત પર મામૂલી ધ્યાન આપ્યા પછી એ વાત સ્પષ્ટ થઇ જાય છે કે આ સંશોધનનું પરિણામ એ છે કે હિ.સન ૨૬૦ (નિયાબતે ખાસ્સાની શરૂઆત) થી પહેલાં મુસલમાનોની દરમ્યાન 'અકીદએ મહદી'નું કોઇ વજુદ નહી હતું. અને આ અકીદો હિ. ૨૬૦ પછી વજૂદમાં આવ્યો છે, જો કે આ નતીજો હકીકતની તદ્દન વિરૂદ્ધ છે -- કારણ કે ......

(અ) રસૂલે કરીમ (સ.અ.વ.) થી હ. મહદી (અ.સ.) ના ઝહૂરની બાબતમાં સંખ્યાબંધ રિવાયતો હિ. ૨૬૦, પહેલા નકલ થયેલી છે. એ પ્રકારની ૫૮ રિવાયતો, 'અહલે સુન્નત'ના અઝીમ દાનેશમંદ હાફિઝ અલાઉદ્દીન અલી બિન હુસામુદ્દીન, મુત્તકી હિંદી બુરહાનપુરીએ (ઇ.સ.૯૭૫) પોતાની મશહૂર કિતાબ - 'કન્ઝૂલ

ઉમ્માલ'ના ૧૪મી જીલ્દમાં - 'બાબ - ખુરૂજુલ મહદી'માં આપેલી છે.

(બ) 'અકીદાએ મહદી' શી રીતે ચાર નાયબોની ઇજાદ હોઇ શકે છે? જ્યારે કે રસૂલે ખુદા (સ.અ.વ.) ની એ રિવાયતોને ૩૮ અસ્હાબે અને તાબેઇને કિરામે રસૂલે ખુદા (સ.અ.વ.) થી નકલ કરી છે અને મોહદ્દેસીને પોતાની મોલઅતબર કિતાબોમાં જમા કરેલી છે અને અબુલફઝલ અબ્દુલ્લાહ બિન મોહમ્મદ સિદ્દીક ઇદરીસીએ 'અલ મહદી અલ મુન્તઝર'ના પાના ૧૭ થી ૬૭ સુધી, ૩૮, શખ્સોથી એ પ્રકારની હદીસો નકલ કરેલી છે. આ બાબત ચાર નાયબોથી ઘણી અગાઉ અસ્હાબ, તાબેઇન, ઓલામા અને ફોકોહાની દરમ્યાન સદરે ઇસ્લામથી મશહૂર છે -- 'ઇબ્ને સીરીન'નું કથન છે કે મહદી એ ઉમ્મતમાંથી છે જે હ. ઇસા (અ.સ.) ની ઇમામત કરશે..... અબ્દુલ્લાહ બિન શરીકનું કથન છે - 'રસુલ (સ.અ.વ.) નો પરચમ તેમની પાસે છે.' - 'તાઊસ'નું બયાન છે કે 'મહદી હુકમરાનોના હકમાં સખ્ત અને કમજોરોના હકમાં મહેરબાન છે.' 'ઝોહરી'નું કહેવું છે કે 'મહદી ફાતેમા (અ.સ.)ની ઔલાદમાંથી છે.' 'હોઝયફા'નું બયાન છે. - 'મહદી ઝહૂર' કરશે. જેથી લોકો બુરાઇઓ અન ઝિયાદતીઓથી મેહફૂઝ થઇ જાય.

(બધા હવાલા અલ - હાવી લિલ ફતાવા, જીલ્દ ૨, પાના ૧૩૫ થી ૧૫૯, અલ્લામા 'સૂયૂતી - શાફેઇ')

(ક) શીઆ અને સુન્નીના એવા મોહદ્દેસીન જેઓ ૨૬૦ હિ. થી પહેલે હતા, તેઓએ 'અકીદાએ મહદી' બાબતમાં મુસ્તકલ કિતાબો લખી છે યા પોતાની કિતાબોની એક ફસ્લ - આ તઝકેરો સાથે મખસૂસ કરી છે. ઇમામ બુખારી અને અહમદ બિન હનબલના ઉસ્તાદ અબુ બક્ર અબ્દુર રઝઝાક બિન સહામ કન્આની (૨૧૧ હી.) સાહિબે કિતાબ અલ મુસન્નિફ બાબલ મહદી, ઇમામ બુખારી, તિરમીઝી અને 'ઇબ્ને માઝ્જાહ'ના ઉસ્તાદ ઉબાદ બિન યઅકૂબ (૨૫ હી.) ની કિતાબ અખ્બારલ મહદી અને શીઆઓમાં કિતાબ - 'અલગયબહ'ના મોઅલ્લિફ જ. ફઝલ બિન શાઝન નિશાપુરી (૨૬ હી.) - આ પરથી જાણી શકાય છે કે - અકીદા મહદી, ચાર નાયબોથી શોધ નથી.

(ડ) હિ. ૨૬૦ પહેલાં અમૂક લોકોએ સમયના હુકુમત વિરુદ્ધ અવાજ ઉઠાવ્યો અને લોકોએ તેને મહદી તરફ નિસ્બત આપી અને અમૂક લોકોએ તેને મહદી પણ માની લીધા, જેવી રીતે જનાબ ઝૈદ બિન અલી, જેમને ઝયદિયા ફિરકાએ 'કાયમ' કહ્યા, અથવા જનાબ મોહમ્મદ બિન હ - ન - ફીયહ, થેમને કયસાનિયહ ફિર્કાએ - મહદી - દર્શાવ્યા. જો તે ઝમાનામાં મહદવીય્યતનો અકીદો નહી હતો અને તેની કોઇ અસલ નહી હતી. પાયો નહી હતો, તો કઇ રીતે ઇસ્લામી સમાજમાં તેમને મહદી કહેવામાં આવ્યા?તે ઝમાનામાં મહદીનો અકીદો એટલો સામાન્ય હતો અને તે પર એવું ઇમાન હતું કે જ્યારે ઉમવી હકુમતે જ. ઝૈદનેશહીદ કરી દીધા અને તેમની લાશ શહેરના સદર દરવાજા પર લટકાવી, તો તે સમયે દરબારે ઉમવીના ચાપલૂસ શાએર, હકીમ બિન ઐયાશે લાશને જોઇને કહ્યું - 'વ - લમ - અ - ૨ - મહદીયન અલલ જઝએ યુસ્લબો -' (મેં નથી જોયું કે મહદીને સૂળીએ ચઢાવવામાં આવે.-)

એનો મકસદ એ હતો કે ઇસ્લામી અકીદામાં જે મહદીનો તઝકેરો છે, તે તો આખી દુનિયાને ફતેહ કરશે અને તેમના પર કોઇ જીત મેળવી નહી શકે, તો આ કેવા મહદી કે જે મગલૂબ (પરાજિત) થઇ ગયા!!!

એ અકીદો કે જે સદરે ઇસ્લામમાં આટલો બધો આમ (સામાન્ય) હતો કે દરબારી શાએર પણ તેને રદ કરી નહીં શક્યા, તેમને પણ તેનો એઅતેરાફ કરવો પડ્યો.

કોણ જાણે કેમ ફાઝિલ મુસન્નિફે તેને હિ. ૨૬૦ પછીની ઇજાદ તરીકે ઇન્કાર અને શકનું કારણ બયાન કરત...

(૨) શું હ. ઇમામ મહદીનો અકીદો ફક્ત શીઆઓ સાથે જ મખસૂસ છે અથવા તમામ મુસલમાન ઇસ્લામની શરૂઆતથી તેના મોઅતકદ છે?

જો અગાઉની વાતોને નજરમાં રાખવામાં આવે તો આ સવાલનો જવાબ ખૂબ જ વાઝેહ છે અને જાણી શકાશે કે આ સવાલ કેટલો પાયાવિહોણો બુનિયાદ વગરનો છે - આ ગત વાતો ઉપરાંત વધુ વાતોનો ઝિક્ર અહીં કરીશું જેથી હકીકત બિલ્કુલ સ્પષ્ટ થઇ જાય.

કુરઆને કરીમ

અહલે સુન્નતની મોઅતબર કિતાબોમાં મોઅતબર રિવાયતોની રોશનીમાં કુરઆને કરીમની સંખ્યાબંધ આયતો હ. ઇમામ મહદી (અ.સ.) સંબંધિત છે. અહીં માત્ર છ (૬) નમૂના પેશ કરીએ છીએ.

(૧) મુકાતિલ બિન સુલૈમાનનું બયાન છે -- આયત છે... ('ઝુખરફ' ૬૧ જે હ. મહદીના બારામાં નાઝિલ થઇ છે - 'સવાએકે મોહરરકા, ૯૬' 'દૂર્રે મન્સુર' જી. ૬, પાનું ૨૧)

(૨) મુફસ્સિરે ઉમ્મત 'ઇબ્ને અબ્બાસ' આ આયત (સુરએ 'ફત્હ' ૨૮) માટે કહે છે કે એ આયત હ. મહદી (અ.સ.) બાબતમાં છે અને ફરમાવે છે કે 'તે હ. ફાતેમા (સ.અ.) ની નસલથી છે.' (નુરૂલ અહબાર પાનું : ૨૨૮)

(૩) અહલે સુન્નતના બુલંદ મર્તબા, મોહદ્દિસ હમવીની ખુરાસાની પોતાની અઝીમ કિતાબ - 'ફરાઇદુસ સિમતૈન' જી. ૨, માં એક રિવાયત નકલ કરે છે આ આયત .... (સુરએ 'હજર' ૩૬, ૩૮)માં 'વક્તે માઅલૂમ' શબ્દોથી મુરાદ હ. મહદી (અ.સ.) ના ઝુહુરનો વક્ત મુરાદ છે.

(૪) શેખ જમાલુદ્દીન યુસુફ દમિશ્કી (૬૫૫ હિ.) નું બયાન છે કે .... (સુરએ 'અમ્બિયા' ૧૦૫) આ આયતમાં નેક અને સાલેહ બંદાઓથી હ. મહદી (અ.સ.) અને તેમના અન્સારો મુરાદ છે, ('ઉકદુદ દરર' બા, ૭)

(૫) મદીના મુનવ્વરહની વહાબી યુનિવર્સિટીના ઉસ્તાદ શેખ અબ્દુલ મોહસિન ઉબાદ, 'સૂરએ બકરહ'ની પાંચમી આયત - 'અલ્લઝી - ન - યુઅ - મેનૂન - બિલ ગૈબ'ના બારામાં કહે છે કે, 'ઇમાન બિલ ગૈબ'નો એક મિસ્દાક હ. ઇમામ મહદી (અ.સ.) નો અકીદો છે.

(૬) ઇબ્ને સબ્બાગ માલિક પોતાની અહમ કિતાબ 'ફુસૂલુલ મોહિમ્મહ', બાબ ૧૨માં લખે છે કે :

આયત (સુરએ 'હૂદ' ૮૬) માં 'બકીયતુલ્લાહ' થી મુરાદ હ. મહદી (અ.સ.) છે.

આ બિના પર હ. ઇમામ મહદી (અ.સ.)ના અકીદાની બુનિયાદ કુરઆને કરીમ છે. આટલી વાઝેહ દલીલો છતાં જ. મનઝૂર નોઅમાની ફરમાવી શકે છે કે 'અકીદ - એ - મહદી' ઇસ્લામી અકીદો નથી?

વિશ્વશનીય કિતાબો

એહલે સુન્નતના બિરાદરોની હદીસની વિશ્વશનીય કિતાબોમાં, કોઇ એવી કિતાબ નહી મળે જેમાં હ. ઇમામ મહદી (અ.સ.) બાબત હદીસો મૌજુદ નહી હોય! ખુદા બુરૂં કરે તઅસ્સુબનું, કે એણે'નોઅમાની'ને એવા 'સુક્ષ્મ દ્રષ્ટિવાળા બનાવી દીધા કે તેઓએ સુન્નીઓને મહદી બાબત ઇન્કાર કરવાના કાઇલ ઠરાવ્યા. જ્યારે કે ૧૫૦ જેટલી હદીસોની કિતાબોના નામો આપી શકાય છે જેમાં હ. મહદી (અ.સ.) બાબત હદીસો મૌજુદ છે.'

અમૂક ખૂબ જ અગત્યની કિતાબોના નામ આ મજુબ છે.-- મસ્નદ અહમદ બિન હમ્બલ (૨૪૧ હિ.) આ કિતાબ પુરાણી અને મોઅતબર કિતાબ છે. અહલે સુન્નતની બીજી ખૂબ જ અહમીયત ધરાવતી કિતાબો સહીહ બુખારી (૨૫૬ હિ.) 'સહીહ મુસ્લિમ' (૨૬૧ હિ.) 'સુનને ઇબ્ને માજ્જહ' (૨૭૩ હિ.) સુનને અબુ દાઊદ (૨૭૫ હિ.) સુનને તિરમિઝી (૨૭૯ હિ.) ખાસ ધ્યાન આપવા લાયક બાબત એ છે કે હ. મહદી (અ.સ.) સંબંધી રિવાયતોને અબ્દુલ્લાહ બિન ઉમર બિન ખત્તાબ, 'જાબિર બિન અબ્દુલ્લાહ અન્સારી' 'અબુ સઇદ ખદરી' - 'ઉમ્મે સલમહ' (ઝવજએ રસૂલ) અનસ બિન માલિક, અબ્દુલ્લાહ મસ્ઊદ....... નકલ કરી છે.

અહમદ બિન હમ્બલે પોતાની મસ્નદમાં હ. મહદી (અ.સ.) બાબત જે રિવાયતો નકલ કરી છે, તેની સંખ્યા ૧૦૦ થી વધુ છે. 'બુખારી'એ પોતાની 'સહીહ'માં કિતાબ 'બદઊલખલ્ક' - બાબે નુઝૂલે ઇસામાં રસૂલે ખુદા (સ.અ.વ.)થી આ રિવાયત નકલ કરી છે - (સારાંશ) 'તે વખતે તમારી શું કેફીયત હશે, જ્યારે આસમાનમાંથી ઇસા ઇબ્ને મરયમ નાઝિલ થશે અને તમારા ઇમામ તમારામાંથી હશે. 'સહીહ બુખારી' ની શરેહ કરનારાઓએ, 'ઇમામોકુમ'ની તફસીર હ. મહદી (અ.સ.) ની કરી છે. 'સુનને તિરમીઝી' - 'સિહાહે સિત્તાહ' ની એક અહમ કિતાબ છે. જેમાં - 'મા -જા - અ - ફિલ મહદી'ના નામે એક મુસ્તકલ બાબ (પ્રકરણ) છે અને હ. રસૂલે ખુદા (સ.અ.વ.) થી આ રિવાયત નકલ કરી છે. - જેનો સારાંશ છે - 'દુનિયા તે સમય સુધી તમામ નહી હોય જ્યાં સુધી કે માર 'એહલેબૈત'માં મારો હકનામ શખ્સે તમામ અરબસ્તાન પર હુકુમત કરે.'

સુનને અબૂ દાઉદ પણ - 'સિહાહે સિત્તાહ'ની અહમ કિતાબ છે. તેમાં 'કિતાબ અલમહદી'ના માથાળા નીચે એક પ્રકરણ છે. આ સૌ રિવાયતોમાંથી આ રિવાયત નકલ કરી છે. (સારાંશ) - 'મહદી મારી ઇતરત અને હ. ફાતેમા (અ.સ.)ની ઔલાદમાંથી છે.'

આ તમામ દલીલો અને સાક્ષીઓ છતાં કહે છે કે - અહલે સુન્નત હ. મહદી (અ.સ.) ના મોઅતકિદ નથી અને કહે છે કે - આ ફક્ત શીયાઓનો અકીદો છે. આનો અર્થ એ થયો કે જ. નોઆમાની અહલે સુન્નતમાં શામિલ નથી કે પછી એહલે સુન્નતના અકીદાઓના પાબંદ નથી.

પારંપારિક કિતાબો

અહલે સુન્નતના સંખ્યાબંધ અઝીમ ઓલોમાઓએ હ. મહદી બાબત પારંપારિક કિતાબો લખેલ છે, જેમ કે (૧) હાફિઝ અબુ નઇમ અસ્ફહાની (૪૨૦ હિ.) કિતાબ 'અરબઇન હદીસન ફિલ મહદી' (૨) અલ્લામા યુસૂફ બિન યહ્યા મુકદસ શાફેઇ, (૬૮૫ હિ.) કિતાબ 'ઉક - દૂદ દોરર, ફી અખ્બારિલ મહદી અલ મુન્તઝર' (૩) આઠમી સદીમાં વહાબીઓના

અઝીમમોબલ્લિગ ઇબ્ને કય્યમ જવઝી – 'કિતાબ અલ મહદી' (૪) હાફિઝ જલાલુદ્દીન સુયૂતી (૯૧૧ હિ.) કિતાબ 'અલ અર્ફૂલ વરદી ફી અખબારલ મહદી' (૫) અલ્લામા મુત્તકી હિંદી બુરહાનપુરી (૯૭૫ હિ.) 'અલ બુરહાન ફી અલામાતે મહદી આખિરૂઝઝમાન,' (૬) શેખ મરઇ બિન યુસૂફ – કરમી હમ્બલી, (૧૦૩૧ હિ.) 'ફવાએદુલ ફિક્ર ફી ઝુહૂરિલ મહદી અલમુન્તઝર' (૭) મુલ્લા અલી કારી હ–ન–ફી (૧૦૪ હિ.) 'અર રદદ અલા મન હકમ વ કઝા – બિઅન્નલ મહદીલ મવઉદ જાઅ વ મઝા.'

આવી લગભગ ૫૦ કિતાબો અહલે સુન્નતના ઓલોમાઓએ હ. મહદી (અ.સ.) બાબતની લખેલી છે.

'ઓલેમાએ મોહદ્દેસીન'

અહલે સુન્નતના ઘણા મોહદ્દેસીન અને ફકીહએ હ. મહદી (અ.સ. )બાબત રિવાયતો – મોતવાતર – (સતત) હોવાનો ફતવો આપ્યો છે. હવે જો કોઇ એમાં શક કે તરદીદ (રદિયો) કરે અથવા તેને કબુલ ના કરે તો તેનું મુસલમાન રહેવું મુશકિલ છે. કાઝી મોહમ્મદ શુકાની, 'કિતાબ અતતવઝીહ ફી તવાતર મા જાએ ફીલ મુન્તજર'માં હઝરત બાબત ૨૯ હદીસલ નકલ કર્યા પછી લખે છે કે 'હ. મહદી (અ.સ.) અ દજ્જાલ અને હઝરત ઇસાના નૂઝૂલ બાબત રિવાયતો મોતવાતર છે.'

જે લોકો પાસે જરા પણ ઇન્સાફ હોય તેમને માટે આ રિવાયતો કાફી છે. અલ્લમા સય્યદ મોહમ્મદ સિદ્દિક કનૂજી (૧૨૦૭ હિ.) 'અલ – ઇઝાઅત'માં લખે છે કે 'મહદી આખરી ઝમાનામાં કિયામ કરશે. તેનો ઇન્કાર કરવો મોતવાતર નબવી હદીસના મુકાબલામાં અઝીમ ગુસ્તાખી રિવાયત કરે છે (સારાંશ) 'જેણે મહદીની તકઝીબ કરી (જૂઠા માન્યા) તેમનો ઇન્કાર કર્યો છે, તે કાફિર છે.' કાર નોઅમાની સાહેબ ધ્યાન આપે.'

મહાન ઇતિહાસકાર ઇબ્ને ખલદૂન માલિકી (૮૦૮ હિ.) પોતાના મુકદદમામાં લખે છે કે આખરી ઝમાનામાં ઇસ્લામના પૈગમ્બર (સ.અ.વ.) ના ખાનદાનમાંથી શખ્સ ઝાહિર થશે, જેઓ દીનને મુસ્તહબ (મજબૂત) અને અદલ – ઇન્સાફને આમ કરશે. તમામ મુસલમાનો તેમના ફરમાબરદાર હશે. તેઓ તમામ ઇસ્લામી મુલકો પર વર્ચસ્વ કરશે અને તેમનું નામ 'મહદી' હશે. મઝાની વાત તો એ કે 'ઇબ્ને ખલ્દૂન' પોતે મહદવીયતના અકીદાને કાઇલ નથી, પણ તે છતાં તેનો એઅતેરાફ કરે છે કે મહદવીય્યતનો અકીદો સદ્રે ઇસ્લામનથી તમામ મુસલમાનોની દરમ્યાન હતો.

''ઇન્કાર કુફ્ર છે''

'નોઅમાની' સાહબનો નઝરિયો ('મહદી અકીદો શીઆઓની ઇજાદ છે.' તેની વિરૂદ્ધ બારમી સદીના અઝીમ સુન્ની આલિમ અલ્લામા શેખ મોહમ્મદ સફારીની (૧૧૮૮ હિ.) પોતાની કિતાબ 'લવામેઉલ અનવારિલ બહીયા'માં ફરમાવે છે – 'મહદીના કામય બાબતની રિવાયતો મઅનવી નઝરે મોતવાતિર (વારંવાર આવેલી) છે. સુન્નીઓમાં આ રિવાયતો એટલી આમ અને પ્રચલિત છે કે મહદીનો અકીદો, સુન્ની અકીદામાં ગણાય છે.'

આ ઉપરાંત એક વધુ અઝીમ સુન્ની દાનિશમંદ જ. શેખ મુન્સીરઅલી, નાસિફ 'ગાયતુલ મામૂલ'જીલ્દ ૫/૩૬૨માં લખે છે કે – થઇ ગયેલા તેમજ મૌજુદ તમામ આલિમો દરમ્યાન આ વાત જાણીતી છે કે આખર ઝમાનામાં 'અહલેબૈત'ના ખાનદાનમાં મહદી નામના એક શખ્સ ઝાહિર થશે એન આજ અકીદો, થઇ ગયેલા અને આજના તમામ અહલે સુન્નતનો છે. અઝીમુલ મર્તબત પોતાની કિતાબ 'અલબુરહાન ફી અલામાત મહદી આખિરૂઝ ઝમાન' ના તેરમા પ્રકરણમાં ચારે મઝહબોના ફકીહોના ફતાવા નકલ કર્યા છે કે – મહદીનો અકીદો રાખવો જરૂરી અને લાઝિમી છે. જે ફકીહોએ આ ફતવો આપ્યો છે તેમનાં નામો આ છે – હાફિઝ ઇબ્ને હજર શાફેઇ, અબુસ્સુદ્ર અહમદ બિન ઝિયા હનફી – અલ્લામા મોહમ્મદ બિન મોહમ્મદ માલિકી અને અલ્લમા યહ્યા બિન મોહમ્મદ હમ્બલી.

આ તમામ હકીકતો બાદ આ વાત બિલ્કુલ વાઝેહ અને આ હકીકત પૂરી રીત. આશકર થઇ જાય છે કે ઇમામ મહદીનો અકીદો ફક્ત શીઆઓ સુધી મહદૂદ નથી. એ ખાલિસ ઇસ્લામી અકીદો છે અને રસૂલે ખુદા (સ.અ.વ.) ની રિવાયતોની ઝરીએ આપણા સુધી પહોંચ્યો છે. અને દરેક દૌરમાં અસ્હાબ, તાબેઇન, ઓલોમાઅ – મોહદદેસીન, ફોકોહા, મોતકલ્લેમીન – મોઅર રેખીન – મોફસ્સેરીન – અને દરેક ઝમાનાના તમામ મુસ્લેમીન, શું સુન્ની કે શું શીઆ, હનફી કે માલિકી, શાફેઇ કે હમ્બલી, બધા જ એના મોઅતાકીદ હતા અને જે શખ્સ તેનો ઇન્કાર કરે તે બિદઅતી છે. -- ગુમરાહ છે -- ઝરૂરિયાતનો ઇન્કાર કરવાવાળો છે. – કાફિર છે.

શું ઇમામ હસન અસ્કરી (અ.સ.) ને કોઇ ઔલાદ નહી હતી?

આ વાત પણ ગઇ વાતોની જેમ પાયાવિહોણી છે. આ તે દાવો છે કે જેનો કોઇ સબત નથી. -- કારણ કે :

ઇન્કારે રસૂલ

આ વાત રસૂલે ખુદાના કૌલનો ઇન્કાર છે. આં હઝરતે (સ.અ.વ.) ઇમામ હુસૈન (અ.સ.) ને ફરમાવ્યું : 'તમે નવ હુજ્જતોના વાલિદ છો, જેમાં નવમા કાઇમ છે. (મવદ્દતુલ કુર્બા' - મીર સૈયદખઅલી હુદાઇ - (૭૮૬ હિ.) ફસલ - દસ.

ઇન્કારે ઇમામ

આ વાતઅને હદીસનો પણ ઇન્કાર છે, જેને શયખુલ ઇસ્લામ સદરૂદ્દીની ઇબરાહમીમ હમૂઇ શાફેઇ (૭૩૨ હિ.) એ - 'ફરાઇદુસ સિમતૈન' (જીલ્દ - ૨, પાનું ૩૩૬)માં ઇસ્લામના અઝીમ શાએર દઅબલ ખઝાઇથી નકલ કર્યું છે. જ્યારે ''દઅબલે'' પોતાનો મશહૂર કસીદો હ. ઇમામે રેઝા (અ.સ.) સામે પઢ્યો અને તેમાં હ. મહદી (અ.સ.) નો ઝીક્ર હતો, હ. રેઝા (અ.સ.) એ રોતા રોતા ફરમાવ્યું 'તમે જાણો છો એ કોણ ઇમામ છે? મારા પછી મારા ફરઝંદ મોહમ્મદ 'ઇમામ છે, તેમના પછી ફરઝંદ અલી 'ઇમામ' છે. તેમના પછી તેનમા ફરઝંદ હસન 'ઇમામ' છે. અને હસન પછી તમેના ફરઝંદ - હુજ્જત 'કાઇમ' મુન્તઝર છે,'

ઓલોમાનો ઇન્કાર

આ વાત ઘણા સુન્ની ઇતિહાસકારોની પણ વિરૂદ્ધ છે, જે ૨૫૫ હિજરીમાં હ. ઇમામ હસન અસ્કરીના ફરઝંદ હ. મહદીના વિલાદતના કાઇલ છે, જેમ કે, ઇબ્ને હજર મક્કી શાફેઇ (૯૮૪ હિ.) પોતાની કિતાબ 'સવાઇકે મોહરરકા' (પાના નંબર ૨૬૦) માં લખે છે કે - ઇમામ હસન અસ્કરી (અ.સ.) પછી તેમના ફરઝંદ અબુલ કાસિમ મોહમ્મદ હુજ્જત હતા. બાપના ઇન્તેકાલ વખતે તેમની ઉંમર ૫ વર્ષની હતી. ''ઇબ્ને ખલકાન'' (૬૮૯ હિ.) ''વફીયાતલ અયચાન'' જીલ્દ ૪ માં અબુલ કાસિમ અલ મુન્તઝરના ઝૈલમાં લખે છે - અલ્લામા મોહમ્મદ બિન શાફેઇ (૬૫૨ હિ.) - મતાલિબ'ના પાના ૮૯ પર હ. મહદી (અ.સ.) બાબત હદીસો નકલ કર્યા પછી કહે છે - ''આ હદીસોના મિસ્દાક ઇમામ હસન અસ્કરી (અ.સ.)ના ફરઝંદ છે, જેઓ આ વખતે નિગાહોથી ગાઇબ છે.'' -- હાફિઝ ઇબ્ને સબ્બાગ માલિકી (૫૫૫ હિ.) - 'ફુઝુલુલ મોહીમ્મા'ની બારમી ફસ્લમાં ફરમાવે છે. -- અબુલ કાસિમ મોહમ્મદ, હસનના ફરઝંદ છે અને શીયાઓના બારમા ઇમામ છે. -- શબલન્જી - (હિ. ૧૨૯) 'નુરૂલ અબસાર'માં (પાનું ૧૬૮) લખે છે - મોહમ્મદ હસન અસ્કરી (અ.સ.)ના ફરઝંદ છે અને તેમના માતાનું નામ 'નરજીસ' છે.

સાક્ષીઓ

કોઇપણ બાળકની વિલાદત અમૂક રીતે સાબિત થાય છે. (૧) માતા - પિતાની ગવાહી (૨) દાઇની ગવાહી અને (૩) લોકોની ગવાહી. હઝરત મહદી (અ.સ.)ની બાબતમાં આ ત્રણે પદ્ધતિ એટલે સુન્નતના મઅખઝથી સાબિત થાય છે. હઝરતના પિતા હ. ઇમામ હસન અસ્કરી (અ.સ.) અને માતા જનાબે નરજીસ ખાતૂન અને દાઇ હઝરત મોહમ્મદ તકીની સાહબઝાદી જ. હકીમા ખાતૂન. આ સિવાય ઘણ બધા સાહબઝાદી જ. હકીમા ખાતૂન. આ સિવાય ઘણા બધા લોકોએ હઝરતને બચપણમાં જોયા છે, જેને 'અહલે સુન્નતે' પોતાની કિતાબોમાં નકલ કર્યા છે, જેમ કે શેખ અબ્દુલ વહાબ શેઅરાની (૯૭૩ હિ.) પોતાની કિતાબોમાં જોયા છે, જેને 'અહલે સુન્નતે' પોતાની કિતાબોમાં નકલ કર્યા છે. જેમ કે શેખ અબ્દુલ વહાબ શેઅરાની (૯૭૩ હિ.) પોતાની કિતાબ ''અલ યવાકીત વલ જવાહિર''માં, નુરૂદદીન અબ્દુર રહમાન જામી હનફી (૮૯૮ હિ.) - 'શવાહિદુન નબુવ્વાહ' માં હાફિઝ મોહમ્મદ બિન મોહમ્મદ બુખારી હનફી મઅરૂફ - બે - ખ્વાજા યારસા (૮૨૨ હિ.) ''ફસલુલ ખિતાબ''માં અને સૌથી પહેલાં જેણે આ પાયાવિહોણી વાતને આમ કરી તે હઝરતના કાકા જઅફર કઝઝાબ હતા. (કહે છે કે પછી પાછળથી તેઓએ તૌબા કરી લીધી.) તેઓએ ઇમામ હસન અસ્કરી (અ.સ.)ની મીરાસ હાસિલ કરવા અને ઇમામતના મન્સબ પર કબ્જો કરવા માટે આ વાતને ફેલાવી હતી અને બની અબ્બાસના ઝાલિમ ખલીફાએ પોતાના નાપાક મકસદો માટે એ વાતને જોર આપ્યું હતું -- પણ અફસોસ છે તે માટે એ વાતને રસૂલે મકબૂલ (સ.) ની મોઅતબર હદીસો અને મુસ્તનદ મોહદ્દેસીન અને મોઅરરેખીનના વાઝેહ બયાનાત છતાં આવી રીતની બુનિયાદ વિનાની વાતો પર વધુ એઅતેબાર કરે છે.- ક્યાંક અમે તો નથી કે તેમની નઝદીક બસ એ જે શખ્સ મોઅતેબર છે.

શું હઝરત મહદી (અ.સ.) પોતાના વાલિદના ઝમાનાથી ગુફામાં પોશીદા છે? શું ઝુહૂર સુધી ત્યાં જ રહેશે?

આ તોહમત પણ બાકીની બીજી વાતોની જેમ જે છે. એવું લાગે છે કે તોહમત લગાડવું જાણે સવાબનું કામ છે. -- બહર

હાલ જવાબરૂપે અર્ઝ છે.

(૧) શીયા હરગિઝ આ વાતના મોઅતકિદ નથી કે તેમના ઇમામ ગુફા કે ભોયરામાં પોશીદા છે. આ તદ્દન વાહિયાત છે કેમ કે

(ક) શીઆઓ, ઇમામની જે ગયબતના મોઅતકિદ છે, એહલેસુન્નતના આલિમો પણ પોતાની રિવાયતોની બિના પર તે પર અકીદો ધરાવે છે અને તે ઇમામને કેવી રીતે ગાઇબ કહી શકાય છે કે જે તેહખાનામાં છે અને સૌ તેમને જાણે પણ છે? આ બન્ને મુતઝાદ (પરસ્પર વિરોધી) તસ્વીરો છે.

(ખ) શીયાઓના અકીદા મુજબ, ઇમામ દર વરસે હજ કરવા તશરીફ લાવે છે. લોકો હઝરતને જુએ છે પણ ઓળખતા નથી. - આ અકીદો હઝરતને જુએ છે પણ ઓળખતા નથી -- એ ગુફા કે તેહખાનામાં રહેવા બાબતની વિરૂદ્ધ છે.

(ગ) શીયા અને સુન્ની બન્ને આ બાબતમાં એઅતેકાદ ધરાવે છે કે ખાન એ કાઅબાથી હઝરત ઝહૂર ફરમાવશે અને જો નોઅમાની સાહેબની વાત દુરસ્ત હોય તો હઝરતને ગાર (ગુફામાંથી) ઝુહૂર ફરમાવવું જોઇએ.

(ઘ) ઘણાંય લોકો એટલે સુધી કે અમૂક સુન્નીઓ, જેવા કે શેખ હસન ઇરાકીઓ (અલયવાકીતાવલ જવાહિર) દુનિયાના જુદા જુદા ભાગોમાં હઝરતની ઝિયારત કરેલી છે. જ્યારે કે આ તોહમતની બિના પર મુલાકાત હમેશાં ગારમાં થવી જોઇતી હતી.

(ચ) ગયબતના ઝમાનામાં કોઇને હઝરતની ચોક્કસ જગ્યાની જાણ નથી. દર જુમ્આએ સવારની દૂઆમાં શીયાઓ - દૂઆએ નુદબહ - માં હઝરતથી આ રીતે સંબોધન કરે છે.

''અય કાશ, અમને ખબર હોતે કે ક્યારે આપના ઝુહૂરથી દિલોને કરાર આવશે - અય કાશ, અમને માલૂમ હોતે કે કઇ સરઝમીન પર આપનો કિયામ છે!- આનો અર્થ એ જ થાય છે કે, હઝરતના કિયામહગાહથી કોઇ વાકેફ નથી....''

આ બિના પર 'ગાર'માં કે - 'તેહખાન'માં ઝીન્દગી બસર કરવી એ શીયા અકીદા નથી. અહીં ફક્ત એક સવાલ રહી જાય છે કે શીયાઓ જ્યારે 'ગાર' કે 'તેહખાન'ના કાઇલ નથી તો પછી શા માટે 'સાર્મરા' ખાતે 'સરદાબ' (તેહખાના) ની ઝિયારત કરે છે?

(૧) તેનો જવાબ સ્પષ્ટ છે કે આ તે જગ્યા છે, જ્યાં ત્રણ ઇમામો - ઇમામ અલી નકી (અ.સ.), ઇમામ હસન અસ્કરી (અ.સ.) અને ઇમામે ઝમાના (અ.સ.) એ ઝીન્દગી બસર કરી છે અને આ, તે ઘરોમાં શામિલ છે, જેને માટે ખુદાવંદે આલમનો ઇરશાદ છે - ('નૂર'૩૬) સારાંશ ''તે ઘરોમાંથી છે, જેને માટે ખુદાએ પરવાનગી આપી છે કે, તેને બુલંદ કરવામાં આવે, તેનો એહતેરામ કરવામાં અવો અને તેમાં ખુદાનું નામ લેવામાં આવે.''

આ ઘરમાં કેમ કે ઇમામ રહેતા હતા, તેથી બરકતવંતા છે, નહી કે અત્યારે પણ ત્યાં જ તેઓ રહે છે, આ એવું છે કે જેવી રીતે લોકો નબીઓના ઘરોના એહતેરામ કરે છે.

(૨) વિલાદત પછી ઝુહૂર સુધી - 'ગાર' કે 'તેહખાન'માં ઝીન્દગી બસર કરવી સુન્ની અકીદો છે. કારણ કે સુન્નીઓના અઝીમ આલિમ, હાફિઝ અબુ અબ્દુલ્લાહ મોહમ્મદ બિન યુસુફ ગન્જી શાફેઇ (૯૫૮ હિ.) પોતાની કિતાબ - ''અલ બયાન ફી અખબારે સાહિબિઝ ઝમાન''ના ૨૫ માં બાબમાં લખે છે - ''મહદીનો ઇન્કાર કરનારા આ એઅતેરાઝ કરે છે કે 'જો મહદી 'ગાર'માં ઝીન્દગી બસર કરી રહ્યા છે, તો ખોરાક તેમના સુધી કેવી રીતે પહોંચે છે? આના બે જવાબો છે -- આનાથી જાણવા મળે છે કે - હાફિઝ ગન્જી શાફેઇ નઝદીક આ બાબત ચોક્કસ છે કે હઝરત સરદાબ (તહખાન)માં ઝીન્દગી બસર કરે છે ફક્ત મસ્અલો ત્યાં ખોરાક પહોંચવા વિશેનો છે એન તે માટે જ જવાબ આપે છે જ્યારે કે બુઝુર્ગ શીયા આલિમ અલી બિન ઇસા, અરમલી, (જેઓએ 'અલ બયાન' ખુદ હાફિઝ ગન્જીથી પઢી છે.) પોતાની કિતાબ 'કશ્ફુલ ગુમ્મહ'માં હાફિઝ સાહબની વાત નકલ કર્યા પછી કહે છે - 'આ એક અજીબ - ગરીબ વાત છે, કેમ કે જે લોકો હઝરતના વુજૂદનો ઇન્કાર કરે છે, તેઓ જ આ વાતના કાઇલ છે, અને જે લોકો હઝરતના વુજૂદનો તસ્લીમ કરે છે અને તેમના મોહતકદ છે, તેઓ એવાતના કાઇલ નથી કે હઝરત સરદાબમાં ઝીન્દગી બસર કરે છે.''

(૩) જે લોકો ઇરાક યા બીજા ગરમ ઇલાકાઓમાં રહી ચૂક્યા છે. તેઓ આ બાબતથી સારી રીતે વાકેફ છે કે જૂના જમાનામાં, અમૂક સમય સુધી હિન્દુસ્તાનમાં પણ આ વાત પ્રચલિત હતી કે ગરમીની મોસમમાં બપોરની સખ્ત ગરમીથી મહેફૂઝ રહેવા માટે પોતાના ઘરોમાં તહખાના (ભોંયરા) બનાવરાવતા હતા અને ત્યાં જ ગરમી બસર સાર્મરા (ઇરાક) ખાતે હતું, જ્યાંની ગરમી મશહૂર છે તે ઝમાનાની સામાન્ય આદત મુજબ હઝરતના ઘરમાં પણ એક તહખાનું હતું, જેને અરબીમાં 'સરદાબ' કહે છે. ગરીમીઓમાં ઇમામ અને તેમનું તમામ કુટુંબ 'સરદાબ'માં રહેતા હતા.

ઇમામ હસન અસ્કરી (અ.સ.) ની શહાદત પછી જ્યારે ઝાલિમ ખલીફાના લશ્કરે, હ. ઇમામ મહદીનફે ગિરફતાર કરવા માટે હઝરતના ઘર પર હુમલો કર્યો તો જોયું કે હઝરત સરદાબમાં નમાઝ પઢી રહ્યા હતા. ખુદાનું કરવું કંઇક એવું થાય કે એ લોકો હઝરતને ગિરફતાર કરી શક્યા નહીં, અને નિરાશ થઇ પાછા આવી ગયા; એક બીજી રિવાયત મુજબ લશ્કરવાળાઓએ જ્યાર

હઝરતના ઘરનો ઘેરો ઘાલ્યો (નાખ્યો) તો આપ એવી રીતે સરદબામાંથી બહાર નીકળ્યા, જેવી રીતે રસૂલે (સ.) હિજરતની રાતે, કાફરોના દરમ્યાનમાંથી નીકળ્યા હતા. તે બાદ લશ્કરવાળાઓએ ઘરની તલાશી લીધી પણ આપને મળી શક્યા નહીં. આ રિવાયતને નુરૂદ્દીન અબ્દુર રહમાન જામી - હ - નફીએ શવાહિદુનનુબવત'માં નકલ કરી છે.

આ બાબત બિલ્કુલ ચોખ્ખી થઇ ગઇ કે હઝરત મહદી (અ.સ.) નું ગુફા કે ભોંયરામાં જીંદગી વીતાવવું જો અકીદો છે તો તે સુન્ની બીહતર કોઇ પણ શીયા અકીદાઓની તદ્દન વિરૂદ્ધ છે. કોણ જાણે એ ક્યા કારણો રીતની બુનિયાદ વિનાની વાતો વટપૂર્વક બયાન કરતાં હશે!?

ગત દલીલો અને વાઝેહ બયાનાતથી આ હકીકત ખુલ્લી રીતે સામે આવી ગઇ કે - મહદી અકીદો, ખાલિસ ઇસ્લામી અકીદો છે અને આ અકીદાને તસ્લીમ કરવું દરેક મુસલમાનની ઝિમ્મેદારી છે અને એ અકીદો દીનની જરૂરિયાતોમાંથી છે.

હ. મહદી (અ.સ.) ઇમામ હસન અસ્કરી (અ.સ.) ના ફરઝંદ છે, તમેની શહાદત પછી સમયના હાકેમોની ઝબરદસ્ત પાબંદીઓ અને સખ્તીઓની બિના પર લોકોની નિગાહોથી (ઓઝલ) અદ્રશ્ય થઇ ગયા અને ગયબત - ઇખ્તીયાર કરી લીધી. એટલે કે એવી રીતે જીંદગી વીતાવી રહ્યા છે કે કોઇ પણ તેમના કિયામગાહથી સારી રીતે વાકેફગાર નથી અને જ્યાં સુધી ખુદા ચાહશે તેઓ ગયબતમાં રહેશે અને જ્યારે ચાહશે ત્યારે ઝૂહુર ફરમાવશે.

અંતમાં 'નોઅમાની' સાહેબથી ગુઝારિશ છે કે કમ - અઝ - કમ તેઓ પોતાના ઓલોમાઓની એ કિતાબોને પઢી લે - જેમ કે સુનને અબુ દાઉદ', 'સુનને તિરમીઝી' 'બાબ મા જાઅ ફિલ મહદી', કન્ઝુલ ઉમ્માલ' - 'ફસલે ખુરૂજુલ મહદી' તમે આપના મરકઝેઇલ્મ અને દીની પનાગાહ ઇસ્લામી યુનિવર્સિટી, મદીનાના ઉસ્તાદ મહાદીસિસ સહીહહ ફિલ મહદી - (એ લોકોને રદિયો, જેઓ મહદી સંબંધી સાચી હદીસોને જૂઠી ઠરાવે છે.) - જે લોકોની ખુશનૂદી મો મહદીનો ઇન્કાર કરી રહ્યા છે, તેઓ આપની બદકિસ્મતીથી હ. મહદી (અ.સ.) ના કાઇલ છે. - અને ઇન્કાર કરરનારાઓને કાફિર તરીકે માને છે. ...

મહદીએ કહ્યું : (સરાંશ) ''બેશક અમે તમારી નિગોહદાશતથી ગાફિલ નથી અને ના તો તમારી યાદને દિલથી કાઢી નાખેલી છે.'' (બેહારૂલ અન્વાર - જીલ્દ -૫૩)

દુનિયાને ત્રાસ સિતમથી છુટકારો અપાવનાર અને ન્યાય - ઇન્સાફ દ્વારા પવિત્ર રહેબર અને સુધારક પર એવી એક સર્વમાન્ય શ્રદ્ધા રહેલી છે. - એઅતેકાદ રહેલો છે કે જેના પર તમામ આસમાની મઝહબો, પછી તે યહૂદીયત, ઇસાયત કે મજૂસીયત હોય, બધા જ એકમત છે.

કુરઆન કરીમ સિવાયની અન્ય આસમાની કિતાબોમાં તેહરીફ (ફેરફાર) હોવા છતાં એવા વાક્યો મળી આવે છે કે જેમાં આલમી રહેબર (વિશ્વમાર્ગદર્શક) ની બશારત (વધામણી) આપવામાં આવી છે. બધા જ ઇસ્લામી ફિર્કાઓ આ વાત પર સંમત છે કે - ઇલાહી અને આલમી રેહબર, પયગમ્બર (સલ.) ના પાકીઝાહ ખાનદાનમાંથી હશે, જેમનું નામ 'મહદી' હશે કુરઆન કરીમમાં એવી સંખ્યાબંધ આયતો છે.જેને અઇમ્મએ મઅસુમીને (અ.મુ.સ.) તેમના વિશે સંબંધિત હોવાનું (મહદી વિશે હોવાનું) જણાવયું છે. થોકબંધ રિવાયતોએ હઝરતની વિશિષ્ઠતાઓ (ખુસૂસીયાત) વિશે અસ્તિત્વ ધરાવે છે. રસૂલે અકરમ (સ.અ.વ.) અને 'અઇમ્મહ મઅસુમીન' ની તવઝીહાત (સ્પષ્ટતાઓ) ની બિના પર લોકોએવા મુસ્લિહ અને અદલ ઇન્સાફની બુનિયાદો પર રચાયેલી મજબૂત આલમી હકૂમત (વિશ્વ સરકાર) ની સ્થાપના અંગે રાત - દિવસ ઇન્તેઝાર કરી રહ્યા છે.

હ. મહદી (અ.સ.) ના ઝુહૂર અને કિયામના મુસ્તહકમ અકીદા (અવિચળા શ્રદ્ધા) સહિત, સિતમના શિકાર મોમેનીન અને પરેશાન - નિરાશ્રિત મઝલૂમીન તેમનો બેચેનીથી ઇન્તેઝાર કરી રહ્યા છે. આ ઇન્તેઝાર ખુદગર્ઝ, મતલબપરસ્ત, દુનિયાની રંગીનીઓના ગુલામ, આખેરત અને અન્જામથી ગાફિલ એવા સત્તાધારીઓ નિગાહોમાં ખટકવા લાગ્યો - એ લોકો મોકાનો, તકનો ગેરલા લઇને પોતાને જ 'મહદી' રૂપે જાહેર કર્યા. જ્યારે સત્તાધીશોનો જુલ્મ વધુ સખ્ત થઇ જતો, જુલ્મ અને અન્યાય સામાન્ય થઇ જતો, સમાજના નિર્બળ વર્ગો રઇસોની લાલસામાં કચડાવા લાગતા. ત્યારે પોતાની ધ્વજ ફરકાવવા લાગી જતા. અને પોતાને 'મહદી' તરીકે બતાવતા. આવા સંબંધોથી તેઓ લોકોના પાકીઝા અકીદાથી રમત રમતા અને ખૂબ ખૂબ ગેરલાભ પ્રાપ્ત કરતા. આ ટૂંકા લેખ દ્વારા કેટલાક નામધરી બનાવટી આવા મહદીઓનો અત્રે ઉલ્લેખ કરીશું જેથી જાણી શકાય કે આવ જુઠ્ઠા હંગામીઓથી અસલ હકીકતને કશી અસર પહોંચી શકે એમ નથી. અલબત્ત એ વાત સ્પષ્ટ થઇ જાય છે કે જઅલી મહદીઓ (બનાવટી તકલાદી) નું અસ્તિત્વ દર્શાવે છે કે કોઇક અસલી મહદી જરૂર હોવા જોઇએ, જેમની બુનિયાદ પર તેમનો સિક્કો ચલાવવામાં આવી રહ્યો છે! કારણ કે જો હકીકતનું વજૂદ નહી હોય તો નકલનું વજૂદ પણ નથી હોઇ શકતું.

આપે આપની ઝિંદગીમાં ૫૦ અથવા ૧૦૦ રૂપિયાની નકલી નોટો જોઇ હશે. પરંતુ આપે કોઇ દિવસ ૨૫ અથવા ૭૫ રૂપિયાની નકલી નોટો નહિ જોઇ હોય! કારણ? કારણ કોઇ હકીકત જેવું નથી એટલે તેની નકલ પણ નથી.

ફિરઓને ખુદાઇનો દાવો કર્યો, કારણ? કારણ કે અસલ ખુદા છે - 'મુસયલેમહ' અને ગુલામ અહમદ કાદિયાનીએ નુબૂવતનો દાવો કર્યો - એટલા માટે કે આં હઝરત (સ.અ.વ.) ની નુબૂવત, ઇન્કાર કરી ના શકાય એવી હકીકત છે. - એ જ હાલત 'મહદીયત' ના અકીદા વિશેની છે. કારણ કે હ. મહદી (અ.સ.) નું વજૂદ અને તેમનો ઝુહૂર અને કિયામ એક માન્ય હકીકત છે.

આ હકીકતને લીધે જ અમૂક લોકોએ તેનો ગેરલાભ લઇને મહદી હોવાનો દાવો કર્યો. આ બાર સદીઓમાં જુઠ્ઠા મહદીઓની નામાવલિ સારી જેવી છે. અહી માત્ર અમૂકનો ઉલ્લેખ કરીશું જેથી નકલ અને અસલની હકીકત વાઝેહ (સ્પષ્ટ) થઇ જાય.

ઇસ્લામના શરૂઆતના કાળમાં મુત્તકી અને પરહેઝગાર શખ્સોમાંના કોઇ એકે પણ એવા પ્રકારનો કોઇ દાવો કર્યો નહી હતો. પરંતુ તેમના ઇન્તેકાલ પછી સમયની હકૂમતની ઝાલિમ રીતીનીતિના વિરૂદ્ધ બગાવત કરનારાઓએ તેમના નામોનો ખોટો ઉપયોગ કર્યો. જેમ કે હ. અમીરૂલ મોઅમેનીન (અ.સ.) ના ફરઝંદ રશીદ જ. મોહમ્મદ હનફીયહ, હ. ઇમામ ઝૈનુલ આબેદીન (અ.સ.) ના ફરઝંદ જ. ઝૈદ બિન અલી -- આ બુઝુર્ગોએ કદી પણ પોતાને મહદી નથી કહ્યા, પણ તેમના ઇન્તેકાલ બાદ ખુદગર્ઝ મતલબપરસ્ત શખ્સોએ પોતાના નાપાક ઇરાદાઓને માટે એમને મહદી તરકી બતાવ્યા.

આથી વિરૂદ્ધ ઇતિહાસના પાલવમાં અમૂક એવા શખ્સો વિશેની માહિતી પણ મળે છે, જેઓએ પોતાને મહદી બનાવી જાહેર કર્યા.

(૧) **અબૂ મોહમ્મદ અબ્દુલ્લાહ મહદી :** શરૂઆતમાં આ શખ્સ ઝાહિદ અને પરહેઝગાર હતા. તેઓએ હિજરી સન

૨૯૭માં આફ્રિકા ખાતે મહદવીયતતનો દાવો કર્યો અને 'અલકાઇમ' ઇલ્કાબ રાખ્યો. ''હુજ્જતુલ્લાહ'' નામનો સિક્કો ચાલુ કર્યો. એણે ઉત્તર આફ્રિકારમાં 'ફાતેમીયીન હકૂમત' નામે છોડ વાવ્યો. એ હુકૂમત પાંચમી સદી સુધી કામય રહી. હિ.સ.ન. ૩૪૪માં તેનો ઇન્તેકાલ થઇ ગયો.

(૨) **મોહમ્મદ બિન અબ્દુલ્લાહ બિન તોમરત :** હિ.સન ૪૫૮માં દુનિયામાં આવ્યો હતો. હિ.સન ૫૨૪માં આ દુનિયાથી ચાલ્યો ગયો. હિ. સન. ૫૨૨માં મહદવીયતનો દાવો કર્યો. એણે કેટલાય યુદ્ધો લડ્યા. ઉત્તર આફ્રિકા અને સ્પેન પર છવાઇ ગયો, તે પછી એક સદી સુધી તેનો જાનશીન ત્યાં શાસક તરીકે રહ્યો.

(૩) **સૈયદ મોહમ્મદ જોનપુરી :** હિ. સન ૮૪૬માં જન્મ્યો અને હિ. સન ૯૧૦માં દુનિયાથી રૂખ્સત થઇ ગયો. તેના બાપનું નામ સૈયદ ખાન ઉવૈસી અને માતાનું નામ 'અખા મલક' હતું. એણે હિ. સન ૯૦૧ માં મહદવીયતનો દાવો કર્યો. અનેક લોકોએ તેની 'બયઅત' કરી. અમૂક સંશોધકો તેના સૈયદ હોવા વિશેનો ઇન્કાર કરે છે.

(૪) **મિર્ઝા ગુલામ અહમદ કાદિયાની :** પંજાબના કસ્બા કાદિયાનીમાં હિ. સન.૧૨૫૦ માં જન્મ્યા. અંગ્રેજી શિક્ષકો પાસેથી તાલીમ મેળવી. તે પછી અંગ્રેજી હકૂમતમાં નોકરી કરી. તેરમી સદીના અંતમાં પોતાને ''મહદી – યે – મવઊદ'' અને ''મસીહે મવઊદ'' તરીકે દર્શાવ્યા. લગભગ ૮૦ જેટલી કિતાબ લખી છે. તેમની તઅલીમાતમાં એક અગત્યની તાલીમ અંગ્રેજ હકૂમતની ઇતાઅત અને ફરમાબરદારી વિશેની છે અને અંગ્રેજી હકૂમતનો વિરોધ કરવો કે તેની બગાવત કરવી (વિદ્રોહ કરવો) હરામ છે. (''તિરયાકુલ કુલૂબ'')

તેઓએ પોતાની ઝિંદગીના વિવિધ સમયમાં સંખ્યાબંધ દાવા કર્યા. ક્યારેક પોતાને પયગમ્બર પણ બતાવ્યા. હિ. સન. ૧૩૨૬માં તેમનો ઇન્તેકાલ થયો એને કાદિયાનમાં દફન કરવામાં આવ્યા.

(૫) મિરઝા અલી મોહમ્મદ શીરાઝી (બાબ) : હિ. સન. ૧૨૩૫માં શીરાઝ ખાતે જન્મ થયો. એના બાપનું નામ મિર્ઝા રઝા બઝઝાઝ અને માનું નામ ફાતેમાબેગમ હતું. જવાનીમાં સૈયદ રિશ્તે (સૈયદ રિશ્તી શેખ અહમદ એહસાઇના શાગિર્દ હતા. ઉસ્તાદ અને શાગિર્દ, બન્નેએ અજીબ – ગરીબ નઝરિયાત – (ચિત્ર – વિચિત્ર દ્રષ્ટિકોણ બયાન કર્યા હતા.) ની તાલીમ અને નઝરિયાતથી ખૂબ પ્રભાવિત થયો. અમૂક દિવસો તાલીમ હાસિલ કરીને પછી પોતાના વતનમાં પાછો ફર્યા અને જુદા જુદા શહેરોમાં વેપારમાં મશ્ગૂલ થઇ ગયો. હિ. સન ૧૨૬૦ માં ઝમાનાના ઇમામના નાઇબ હોવાનો દાવો કર્યો. તે વખતે ઇરાની હકૂમમત અમુક અંશ – ઇસ્લામી હતી. એને ગિરફતાર કરવામાં આવ્યો. કૈદ કરવામાં આવ્યો એણે વારંવાર તૌબા કરી. વારંવાર ભૂલો કર્યા પછી એને અદાલતમાં રજૂ કરવામાં આવ્યો. તેને આલિમોએ દીવાનો હોવાનો ચૂકાદો આપ્યો અને તેને કેદમાં નાખવામાં આવ્યો. કેદખાનામાં ધીરે ધીરે એણે મહદવીયતનો દાવો કર્યો, પછી તરક્કી કરીને પયગમ્બરીનો દાવો કર્યો અને અંતમાં ખદા હોવાનો દાવો કર્યો. રૂસ અને તેના હિતેચ્છુઓની મદદથી લોકો તેની આસપાસ ભેગા થવા લાગ્યા અને તેના તરફદારો વચ્ચે કેટલીએ લડાઇઓ થઇ – આ અંગે આ વાત પણ ધ્યાન આપવા જેવી છે કે તેના તરફદારોમાં એવા પણ શખ્સો હતા જેઓ તેના મહદવીયત – વિશેના દાવાથી અજાણ હતા. તેને ફક્ત સમયના ઇમામના નાઇબ તરીકે જાણતા હતા. તેની તરફથી ફેલાવવામાં આવેલીફ બદઅમની – ફત્ની – ફસાદની બિના પર ઇરાની હકૂમતે રૂસી આગોશના પરવર્દહને ફાંસી આપી દીધી અને તેને હિ. સ. ૧૨૬૬માં ગોળીએથી મારી નાખવામાં આવ્યો.

તેના માનવાવાળા ''બાબી'' ઇરાન અને અન્ય બીજી કંઇક જગ્યાઓમાં મળી આવે છે. એ પછી આ જ ફિર્કામાંથી એક બીજો ફિર્કો વજૂદમાં આવ્યો, જેની રાહબરી – હુસૈનઅલી બહાઉલ્લાહના હાથોમાં હતી. આ સંબંધથી એ ફિર્કો – 'બહાઇ' નામે મશહૂર થયો જે આજે પણ ગુમરાહીઓ ફેલાલી રહ્યો છે.

(૬) મહદી સૂદાની : (અહમદ બિતન અબ્દુલ્લાહ સૂદાની) – ઇ.સ. ૧૮૪૮ માં જન્મ્યો. ઓગણીસમની સદીમાં મિસર અને સુદાન પર અંગ્રેજોનો કબ્જો હતો અને આ દેશોની આમજનતા લોકો અંગ્રેજી હકૂમતની જુલ્મોની ચક્કીમાં પીસાઇ રહ્યા હતા. વાતાવરણ ક્રાન્તિ માટે તૈયાર થઇ રહ્યું હતું. અહમદ કાઢી મૂકવામાં આવેલો દરવેશ હતો. એણે તકનો લાભ અને મહદવીયતનો દાવો કર્યો.

ન્યાય માટે તરસ્યા અને જુલ્મ – સિતમથી ત્રાસેલા આમજનતાના લોકોએ આ સરાબ (ઝાંઝવા) ને નદી સમજી લઇને તેને કાંઠે એકઠા થઇ ગયા. એણે અંગ્રેજોને અનેક વખત શિકસ્ત આપી. જે સમયે તેની ફતેહ અને કામયાબીનો ઉરૂજ (ઉદય) હતો તે જ સમયે અજલ (મૌત) ને હાથે ગિરફતાર થઇ ગયો. ઇ.સ. ૧૮૫૫માં તાવની હાલતમાં આ દુનિયાથી ચાલ્યો ગયો અને એની મૌતે તે બનાવટી હોવાની વાત પર સચ્ચાઇની મહોર મારી દીધી.

આ ટૂંકમાં નિબંધ નીચે મુજબ પરિણામ જાણવા મળે છે :

(૧) ખોટા અને બનાવટી 'મહદી'ઓનો વુજૂદ, અસલી 'મહદી' ના વુજુદની દલીલ છે.

(૨) મહદીનો કયામ અને ઇન્કીલાબ (ક્રાન્તિ), ક્રાન્તિ અને ચળવળના મૂળ છે. તેથી જ ખોટા મહદીઓના દુકાન - ધંધા ચાલતા રહ્યા. પણ એમાંથી એક પણ સાચા નહોતો. કારણ કે બીજી બધી ખાસિયતો સિવાય, દુનિયામાં અદલ અને ઇન્સાફનો ફેલાવો કરવો એ પણ એક ખાસિયત હોવી જોઇએ. પરંતુ આમાંથી કોઇપણ અદ્લ અને ઇન્સાફ (ન્યાય) ન ફેલાવી શક્યા. એટલું જ નહિ પણ હજી આજ સુધી દુનિયા જુલ્મ અને અન્યાયથી છલકી રહી છે. દુનિયામાં જુલ્મ અને અન્યાય ભર્યા હોવા - એ જ એમના જૂઠા અને બનાવટી હોવાની દલીલ છે.

(૩) ઇસ્લામના જુદા જુદા ફિરકાઓમાંથી બનાવટી મહદીઓનું જાહેર થવું, એ વાતની દલીલ છે કે ઇસ્લામના દરેક ફિરકામાં 'અકીદએ - મહદી' ('મહદી'ની માન્યતા) વજુદ ધરાવે છે. આ એક સંપૂર્ણ ઇસ્લામી જગતની માન્યતા છે, ન કે કોઇ એક ફિરકા કે પંથની માન્યતા કે અકીદો છે. 'મહદી' ના અકીદાનો સંબંધ દરેક પંથથી છે અને ઇસ્લામના દરેક ફિરકાઓ હકીકી 'મહદ એ - મુન્તઝર'ની આતુરતાથી રાહ જોઇ રહ્યા છે.

ગત વરસોના ખાસ અંકમાં આપ બકીયતુલ્લાહ અલ અઅઝમ મહદી - એ - મવઊદ (અ.સ.) ની શખ્સીયત, તેમની વિલાદત, ગયબત, લાંબી ઉમ્ર - ઝુહૂર અને ઇન્તેઝારની બાબતમાં ધ્યાનપૂર્વક બધું વાંચતા રહ્યા હતા. હવે આ લેખમાં એ હઝરતની બાબતમાં અહલે સુન્નતના મોહદ્દેસીને બયાન કરેલી હદીસોની બિના પરની માહિતીઓ પેશ કરીએ છીએ, જેથી જે હકીકત છે તે શંકાઓથી જુદી પડી જાય.

''સમગ્ર મુસલમાનોનો અકીદો છે કે 'મહદી - એ - મવઊખ' (અ.જ.) રસૂલે ખુદા (સ.અ.વ.) ના ખાનદાનમાંથી હશે અને આખરી ઝમાનામાં ઝહૂર કરશે. દુનિયાને અદલ - ઇન્સાફથી ભરી દેશે, જે રીતે ઝુલ્મ - સિતમથી ભરેલી હતી. આ બાબતમાં સંમતિપૂર્વકની રસુલે કરીમ (સ.અ.વ.) ની હદીસ નકલ કરવમાં આવી છે - ''મન અન્ક - ર - ખરૂજલ મહદી, ફ - કદ - ક - ફર''.

('અલબુરહાન ફી અલામાતે મહદી આખરેઝઝમાન' પ્ર.૧ર)

સારાંશ : ''જેણે મહદીના ઝહૂરથી ઇન્કાર કર્યો તે કાફિર છે.'' રસૂલે ખુદા (સ.અ.વ.)

આ હદીસ મુસલમાનોના એક અહમ અને બુનિયાદી અકીદાની નિશાનદહી (અંગુલિનિર્દેશ) કરી રહી છે. આ અકીદાનો ઇકરાર દરેક મુસલમાન પર વાજીબ છે.

વાચકોની સેવમાં કેટલીક હદીસો, સુન્ની કિતાબોમાંથી જુદા જુદા મથાળા હેઠળ રજુ કરવામાં આવી રહી છે. જે મહદવીયતના અકીદાને સ્પષ્ટ (વાઝેહ) કરી રહી છે.

માઅરે - ફ - તે ઇમામ

'હાફિઝ તયાલસી' પોતાની કિતાબ 'મસ્નદ' (હૈદરાબાદ પ્રકાશન) ના પાના ૨૫૯, પર લખે છે કે 'ઇબ્ને ઉમરે કહ્યું : મે રસૂલ (સ.અ.વ.) ને કહેતાં સાંભળ્યા છે કે - આપે ફરમાવ્યું : જે શખ્સ સમયના ઇમામને ઓળખ્યા વગર મરી જાય તો તે જાહેલીયત (કુફ્ર) ની મૌત મર્યો અને જે શખ્સ ઇમામની ઇતાઅત ના કરે તે નહી કહી શકે' એટલે કે ઇમામની મઅરેફત દરેક ઝમાનામાં જરૂરી છે. મતન (લેખન) ના કંઇક ફેરફાર સાથેની એવી હદીસને 'યનાબીઉલ મવદદહ' લખેક સુલૈમાન કન્દોઝી પાના. ૧૧૭, તબ્અ ઇસ્લામબોલ અને સહીહ હાફિઝ - કશીરી નીશાપુરીની જીલ - ૮, પાના ૧૦૭ પર જોઇ શકાય છે. બન્ને હઝરાત અહલે સુન્નતન જાણીતા લેખક છે.

રસૂલ (સ.અ.વ.) પછી ખલીફાનોની સંખ્યા

જાબિર બિન સૂમહરહનું બયાન છે કે : 'હું મારા વાલિદ સાથે રસૂલે ખુદા (સ.અ.વ.) ની ખિદમતમાં હાઝિર થયો. મેં સાંભળ્યું કે પયગમ્બરે (સ.અ.વ.) ફરમાવ્યું : આ અમ્ર (દીને ઇસ્લામ) બાકી રહેશે, એટલે સુધી કે તેમાં બાર ખલીફા (મારા જાનશીન) લોકોની વચ્ચે ઝાહિર થશે.' તે પછી આપે એક જુમ્લો (વાક્ય) કહ્યો - જે હું સાંભળી શક્યો નહીં. મારા વાલિદને મેં પૂછ્યું - 'પયગમ્બરે શું કહ્યું ?' વાલિદે કહ્યું : 'તેઓએ ફરમાવ્યું - એ જાનશીન બધા જ 'કુરૈશ' માંથી હશે.'

આ હદીસને માટે અહલે સુન્નતની કિતાબ - 'સિહાએ સિત્તહ'માં સહીહ મુસ્લિમ પાનું ૧૯૧, જીલ્દર, (મિસર પ્રકાશન) હિ. ૧૩૪૮ અને મુંબઇ પ્રકાશન જુઓ.

આ રિવાયત પણ જાબિર ઇબ્ને સુમરહએ રસૂલે ખુદા (સ.અ.વ.) થી નકલ કરી છે. :-

''હંમેશા આ દિન, લોકોમાં માનવંતો, સરબુલંદ અને બાકી રહેશે 'અલમોઅજમલ કબીર' - લેખક 'તિબરાની' પાનું ૧૦૮ 'યનાબીઉલ મવદહ' વિગેરેમાં જોઇ શકાય છ.''

એક હદીસ પેગમ્બર (સ.અ.વ.) ના મશહૂર સહાબી અબ્દુલ્લાહ બિન મસ્ઉદથી અત્રે નકલ કરીએ છીએ અને એ જ હદીસમાંથી કેટલાંક જરૂરી મુદ્દાઓ વિવેચન માટે ઉતારીશું - આ હદીસ અહલે સુન્નતના ઘણા બધા લેખકોએ જુદી જુદી સનદો અને ઇબારતોમાં સામાન્ય તફાવત સાથે ''ઇબ્ને મસ્ઊદ'' થી જ નકલ કરી છે ''ઇબ્નેકસીર'' દમિશ્કીએ - ફત્હુલ બયાન જીલ્દ, ૩, પાનું ૩૦૯ (મીસર બોલાક પ્રકાશન)માં અહમદ ઇબ્ને હમ્બલથી નકલ કરી છે. હદીસનો તરજુમો આ મુજબ છે. :-

''મસ્રૂક કહે છે કે અમે લોકો અબ્દુલ્લાહ બિન મસ્ઊદ સાથે બેઠા હતા. તેઓ અમને કુરઆનનો દર્સ (તાલીમ) આપી રહ્યા હતા એક શખ્સે પૂછ્યું :- શું તમે પેગમ્બરે ખુદા (સ.અ.વ.) ને સવાલ કર્યો હતો કે આ ઉમ્મતના કેટલા ખલીફા હશે? અબ્દુલ્લાહે તેને જવાબમાં કહ્યું : જ્યારથી હું ઇરાક આવ્યો છું તારાથી પહેલા કોઇએ આવો સવાલ પૂછ્યો નથી! પણ હા, અમે પેગમ્બર (સ.અ.વ.) ને આ સવાલ પૂછ્યો હતો અને હઝરતે તેનો જવાબક આપતં ફરમાવ્યું

તું કે : 'બની ઇસ્રાઇલ' ના 'નોકોબાઅ'ની જેમ તમેની (તઅદાદ) સંખ્યા બાર છે...''

''તબસરહ'' (અવલોકન) (૧) પેગમ્બર અસ્હાબ, પેગમ્બર પછી તેમના જાનશીનોની ઓળખ, બલ્કે, અમે કહી શકાય કે બુનિયાદી અને અહમ મસ્અલો, ''ખિલાફતનો મસ્અલો'' હલ કરી લેવા ચાહતા હતા. તેથી જ તેઓએ ખોલોફાની તઅદાદ મઅલૂમ કરી લીધી જેથી કિયામત સુધી, ખિલાફતના બેશુમાર, જુઠ્ઠા દાવેદારોને (બે - નકાબ) ખુલ્લા પાડી શકાય.

(૨) રસૂલે ખુદા (સ.અ.વ.) એ પોતાના જાનશીનો 'નોકોબાએ બની ઇસ્રાઇલ'' થી સરખાવ્યા. કદાચઆ સરખામણી એ વાતની તરફ ઇશારો કરી રહી હોય કે પેગમ્બરની ખિલાફત લાઝિમી તૌર પર 'નસ' ના ઝરીએ (ખુદા અને પેગમ્બર જેની નીમણુંક કરે) થાય. એટલે જ 'નૌકોબાએ બની ઇસ્રાઇલ' (ઇસ્રાઇલના અગ્રણીઓ) ની નીમણુંક 'નસ' ના ઝરીએ થયેલી છે. કુરઆન કરીમનો એ તરફ ઇશારો છે.

''સુરએ માએદાહ'' ૫/૧૨

સારાંશ - ''બેશક, અલ્લાહે બની ઇસ્રાઇલથી અહદો - પયમાન (કોલ કરાર - વચન) લીધા અને અમે તેમાંથી બાર નકીબ નક્કી કર્યાં.''

(૩) પેગમ્બરના જાનશીનોની વિલાયત અને માલેકીયન ચોક્કસ થશે. ચાહે લોકો તે સ્વિકારે કે ના સ્વિકારે.

હદીસને તહકીક અને છાનબીન

હદીસે ''ઇસ્નાઅશર'' ખલીફા સુન્ની અને શીઆ સનદોથી 'હદદે તવાતૂર'' (પૂનરાવર્તન) સુધી પહોંચી ચૂકી છે. અને તેમાં રદીદ (રદિયા)ની કોઇ ગુંજાઇશ નથી. તેથી જ અમૂક મોઅતબર સુન્ની આલિમોએ તેને આસાનીથી કબુલ કરી લીધી છે.

''શીયઆઓના બાર ઇમામ અને હદીસે - ઇસ્નાઅશર''

રસૂલે ખુદા (સ.અ.વ.) એ હદીસમાં જે નિશાનીઓ - સિફતો પોતાના ખલિફા અને જાનશીન બાબતમાં બતાવી છે, તે શીઆ જઅફરી મઝહબના બાર ઇમામો સિવાય કોઇ પણ સાથે (મુન્તબિક) બંધબેસતી થતી નથી. એ બધા જ મઅસુમ છે અને તેઓમાંના અવ્વલ હ. અલી ઇબ્ને અબી તાલિબ (અ.સ.) અને આખરી, હ. મોહમ્મદ બિનલ હીસન અલ અસ્કરી (અ.સ.) (અલ મહદી) છે.

''ખોલોફાએ અહલે સુન્નત અને હદીસે ઇસ્નાઅશર''

અહલે સુન્નતના હઝરાતની નઝરે, જેઓએ ખિલાફત કરી છે તે 'ખોલોફાએ રાશેદીન' 'ખોલોફાએ બની ઉમૈયહ' અને 'ખોલોફાએ બની - અબ્બાસ' ના નામથી મશહૂર છે. ખોલોફાએ રાશેદીનની સંખ્યા બારથી ઓછી છે અને બાકીના બે ગિરોહ (જૂથ) ની સંખ્યા બારથી વધારે છે અને બીજી નિશાનીઓ પણ જે હદીસમાં આવેલી છે, તે ખોલોફાઅમાં નથી મળતી, જેમ કે ઇસ્લામનું બાર ખલીફાના ઝરીએ બાકી રહેવું અને આખી દુનિયામાં ઇસ્લામનું વિજયી થવું, વિગેરે..... અત્રે અમે ખલિફાઓના નામો ઉતારીએ છીએ, જેમની બાબતોથી આપ અજાણ નહી હોવ!

અબુબકર - ઉમર - ઉસમાન - ને ઇમામ અલી બિન અબી તાલિબ, એ પછી બની ઉમૈયહના ખલીફાઓ, જેઓમાં 'બનીલ મરવાન' પણ શામીલ છે, તે આ મુજબ છે.

(૧) મોઆવિયહ બિન અબી સુફયાન (૨) યઝીદ બિન મોઆવિયહ (૩) મોઆવિયહ બિન યઝીદ (૪) મરવાન બિનલ હકમ, (૫) અબ્દુલ મલિક બિન મરવાન, (૬) વલીદ બિન અબ્દુલ મલેક (૭) સુલેમાન બિન અબ્દુલ મલેક, (૮) ઉમર બિન અબ્દુલ અઝીઝ બિન મરવાન (૯) યઝીદ બિન અબ્દુલ મલેક, (૧૦) હશશામ બિન અબ્દુલ મલેક, (૧૧) વલીદ બિન યઝીદ બિન અબ્દુલ મલેક, (૧૨) યઝીદ બિન વલીદ, (૧૩) ઇબરાહીમ બિન વલીદ, (૧૪) મરવાન.

આ ફેહરિસ્તમાં ઇમામ હસન અને બીજા પાંચ ખલીફાઓના નામો આ મુજબ છે. : (૧) અબ્દુર રહેમાન બિન મોઆવિયહ (૨) હશ્શામ બિન અબ્દુર રહેમાન બિન હકમ, (૫) મોહમ્મદ બિન અબ્દુર રહેમાન.

આ પૂરી તફસીલ માટે ''મુરવ્વજુઝ ઝહબ'' જીલ્દ, ૩, પાનું ૩ અને ૨૩૩ થી ૨૩૫, જુઓ! 'મુરવ્વજુઝઝહબ' - ના લેખકે આ ખલીફાઓની હકુમતનો ઝમાનો - એક હજાર મહિના - એમ લખ્યું છે.

'બની અબ્બાસ' - ના ખલીફાઓની સંખ્યા ૩૭ છે. બની ઉમૈયહ પછી હકૂમત હિ. ૧૩૨માં તેમના હાથમાં આવી. પહેલા ખલીફા અબુલ અબ્બાસ મિસ્ફાહ હતા અને આખરી - અબ્દુલ્લાહ મુસ્તઅસમ હતા, જેઓ હિ. ૫૬માં 'હલાક' ના હકુમથી માર્યા ગયા. તેમની હકૂમતનો ઝમાનો ૫૪૪ વર્ષનો છે.

નતીજો : આ લખાણ પર સમજથી નઝર કરવા પછી આપણને જણાયું કે (૧) શીયા ફિર્કા સિવાયના બીજા ઇસ્લામીઓની સંખ્યા બાર નથી, (૨) બાર ખલીફાઓની હકુમત કિયામત સુધી બાકી રહેવી જોઇતી હતી. પણ ખત્મ થઇ ગઇ. (૩) આ ખલીફાઓમાં

ધાએ બધા જ કુરૈશના નહી હતા. (૪) પેગમ્બર (સ.અ.વ.) ની વિશની પયરવી નહી હતી. (૫) છેવટે ઇસ્લામને આખી દુનિયા ર વિજયી થવાનું હતું પણ એવું થયું નહીં. વિગેરે ..... વિગેરે .

પેયગમ્બર (સ.અ.વ.) ની હદીસ સાથે જયારે આ ખલીફાઓનું (તતાબક) મળતાપણું મળતાપણું થઇ શક્યું નહી તો તે ક્યા ખલીફા છે કે જેઓ પયગમ્બર (સ.અ.વ.) ની હદીસના મતાબિક હોય? (મળતા આવતા હોય?) પેગમ્બરે ઇસ્લામે (સ.અ.વ.) તેની પણ ઝાહત (સ્પષ્ટતા) કરી દીધી છે. આ લેખમાં તે વિષય પર વિગતવાર ર્ચા શક્ય નથી. તેથી ફક્તે એક જ હદીસ કરીએ છીએ. જેમાં યગમ્બર (સ.અ.વ.) પોતાના બાર વસીઓના નામો બતાવ્યા છે.

ઇબ્ને અબ્બાસ (રદિ.) કહે છે 'મિગસલ' નામે એક યહૂદી સૂલે ખુદા (સ.અ.વ.) ની ખિદમતમાં હાઝિર થયો અને કહ્યું : 'અય મોહમ્મદ હું કેટલાક સવાલ કરવા ઇચ્છું છું જનાબ આપો.''

આપ કહ્યું : 'કહો!' તે પછી યહૂદીએ કેટલાક સવાલો કર્યા. ગમ્બરે તેના જવાબો આપ્યા. પછી યહૂદીએ સવાલ કર્યો : ''અય મોહમ્મદ! તમારા અવલિયાની બાબતમાં મને બતાવો. કારણ કે કોઇ પેગમ્બર એવા થયા નથી કેજે પોતાના વસી અને જાનશીન રાખતાં ન હોય અને અમારા પેગમ્બર મૂસા બિન ઇમરાનના વસી યૂશઅબિન નૂન હતા...!''

રસૂલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું.

''મારા સોથી પહેલાં જાનશીન અલી બિન અબી તાલિબ (અ.સ.) થશે. પછી મારા બન્ને નવાસા હસન અને હુસૈન થશે. પછી હુસૈનના ('સુલ્બ'થી) વંશથી નવ અઇમ્મહ થશે.''

યહૂદીએ કહ્યું - 'અય મોહમ્મદ (સ.અ.વ.) મને તમામ ઇમામોના નામો બતાવો.'

રસૂલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું : ''હુસૈન, જયારે દુનિયાથી રૂખ્સત થઇ જશે, તો તેમના બેટા અલી મારા વસી છે. અલી પછી તેમના બેટા મોહમ્મદ (અ.સ.) (પાંચમા) પછી જઅફર (અ.સ.) (છઠ્ઠા) મૂસા - (સાતમા) અલી (અ.સ.) (આઠમા) મોહમ્મદ (અ.સ.) (નવમા) - અલી (અ.સ.) (દસમા) હસન (અ.સ.) (અગિયારમા) અને હસન જયારે દુનિયાથી રૂખ્સત થઇ જશે તો, તેમના બેટા હુજ્જતુલ મહદી, મારા વસી અને જાનશીન હશે. આ બાર શખ્સો છે ....!'' (સાહેબે ''અહકાકુલ હક્ક'' - જી. ૧૩, પાના ૪૯, પર 'ફરા ઇદુસ સિમતૈન' લેખક હમૂઇ મિસરી - (વફાત ૭૨૨, હિજરી)માંથી આ હદીસને નકલ કરી છે.

આ લેખનની બીજી હદીસો જાબિર ઇબ્ને અબ્દુલ્લાહ અન્સારી, અબી નફરહ અને જાબિર જઅફીથી નકલ કરવામાં આવી છે.

અમૂક હદીસોમાં પેગમ્બરે ફક્ત પહેલા અને આખરી જાનશીનનું નામ લીધુ છે, જેવી રીતે ઇબ્ને અબ્બાસે, ''વસ્સમાએ ઝાતિલ બુરૂજ'' ની તફસીરમાં પેગમ્બર (સ.અ.વ.) થી નકલ કર્યું છે.

તરજુમો :- પેગમ્બરે (સ.અ.વ.) ફરમાવ્યું : 'હું આસમાન છું અને મારી ઇતરત અને અહલેબૈતથી થનારા ઇમામો બુરૂજે આસમાન છે. તેમનામાંના પહેલા અલી અને આખરી - મહદી - થશે તેમની સંખ્યા બાર થશે.'

આ તમામ હદીસોમાંથી એ જ નતીજો લેવામાં આવ્યો છે કે - અહલે સુન્નતના ઓલોમાઓએ, શીઆઓના બાર ઇમામો સિવાયનાઓને જેમને પેગમ્બરના ખલીફાઓ તરીકે ગણાવ્યા છે, તે હકના ખલફાઓ નથી - કેમ કે તેમનામાં જે સિફતો અને અલામતો - નિશાનીઓ - હકના ખલિફાઓની હોવી જોઇએ તે નથી. તેથી ખોલફાએ હક માત્ર ઇસ્નાઅશરી ઇમામો છે.....

મહદી (અ.સ.) ની બાબતમાં હદીસો અનેક છે તે છતાં અમૂક ઓલોમાએ અહલે સુન્નત, મહદી બાબતના અકીદાનો મૂળથી જ ઇન્કાર કરે છે. અને કેટલાંક એ અકીદાને કબુલ રાખ્યા પછી મહદીનો વંશ, પેગમ્બર અને ફાતિમહની નસલમાંથી હોવાનો ઇનકાર કરે છે.

આ બાબતમાં વધુ માહિતી માટે ''અલ મુન્તઝર''ના વાચકો, અમારા અગાઉના શાબાન મહિનાના ખાસ અંકો પર નજર ફેરવી શકે છે.

અકીદ - એ - મેહદી, દીનનો અગત્યનો સ્થંભ છે. પેગમ્બરે ખુદા (સ.અ.વ.) એ ફરમાવેલી હદીસો પર ઇમાન લાવવું, દરેક મુસલમાનનો ફર્ઝ છે. હ. ઇમામ મહદી (અ.સ.) બાબત પેગમ્બર (સ.અ.વ.) ની ઘણી બધી હદીસો નકલ થયેલી છે.

અહેલે સુન્નતના મોહદદેસીને એ હદીસોને પોતપોતાની કિતાબોમાં ઉતારેલી છે. ઘણાં બધા મોહદદેસીનોએ મહદી (અ.સ.) બાબતમાં પોતાની કિતાબોમાં (ફસ્લ) પ્રકરણ અથવા અમુક વિભાગ લખ્યા છે અને ઘણા બધા બુઝુર્ગ મોહદદેસીન, મોતકલ્લેમીન મોઅરરેખીને પૂરેપૂરી કિતાબ મહદી (અ.સ.) ના ઝહૂરની સાબિતીમાં અને તે હઝરતે બાબત અન્ય વિષયો (મવજૂઆત) પર રચેલી છે. આ તમામ કિતાબો, અહલે સુન્નતના જુદા જુદા ફિકહના મકતબો (વિવિધ મંતવ્યો ધરાવનારા) જાણીતા. ઓલોમા અને દાનેશમંદોની કલમે લખાયેલા છે - જેમ કે 'હ - ન - ફી' ફિર્કાના બુઝર્ગ આલિમ, મુલ્લા અલી કારી હનફી (વફાત ૧૦૧૪ હિજરી) એ 'અલમશરબુલ વર્દી, ફી મઝહબિલ મહદી' લખે છે. ''શાફેઇ'' મઝહબના મશહૂર આલિમ હાફિઝ ઇબ્ને હજર હૈશામી, શાફેઇ, (વફાત ૯૭૪) એ ''અલ કવ્લ વલ મુખ્તસર ફી અલામતે મહદિલ મુનતઝર'' લખી છે. 'હમ્બલી' મઝહબના આલિમ, શેખ મરઇ બિન યુસુફ હમ્બલી (વફાત ૧૦૩૧)એ 'ફરાઇદે' 'ફવાઇદિલ ફિર્ક ફિલ ઇમામિલ મહદી' અને એજ રીતે 'માલિકી' ફિર્કાના મોહકકિક(સંશોધક) ઇબ્ને સબ્બબાગ માલેકી (વફાત ૮૫૫ હિ.) એ ''ફુસુલુલ મોહિમ્મહ'', 'વહાબી' આલિમ ઇબ્ને કૈયુમ જવઝી, (વફાત ૭૫૧) (ઇબ્ને કૈયુમ જવઝી, તૈમીયહની ફિકરી તકલીદમાં હતા. અમે કહી શકાય કે શાગિર્દ અને સહાયક હતા.) એ 'અલ મહદી' વગેરે. અહલે સુન્નત મઝહબના આલિમોની આ રીતની કિમતી કિતાબો (જેના નમૂના આપણે જોયા), આ અગત્યના દષ્ટિબિન્દુને ટેકો આપે છે કે મહદવીયત, ખાલિસ ઇસ્લામી અકીદો છે. અને તે પર યકીન રાખવું દરેક સુન્નીની ફર્ઝ છે.

આ મઝમૂનમાં અહલે સુન્નતની મશહૂર કિતાબોમાંની એક જે હ. મહદી (અ.સ.) ની બાબતમાં લખાયેલીછે, તેમાંની ટૂંક માહિતી અત્રે આપીએ છીએ.

કિતાબનું નામ 'ઇકદુદ દરર ફી અખબારિલ મુન્તઝર' કુલ્લે પાના ૪૬૮, ઝબાન અરબી લખનાર અલ્લામામ યુસુફ બિન યહ્યા. મુકદમી શાફેઇ, સાતમી સદી હિજરીમાં અહલેસુન્નતના બુઝુર્ગ ઓમાઅમાં તમેની ગણતરી થાય છે. તેઓએ આ કીમતી અને મુસ્તનદ કિતાબમાં હઝરત મહદી (અ.સ.) બાબતમાં આવેલી સંખ્યાબંધ રિવાયતોમાં સુન્ની મઅખઝ અને મિદરાકથી જમે કરેલ છે. આ કિતાબમાં નકલ થયેલી રિવાયતોના હવાલા ! - 'સિહાહે સિત્તહ' - મુસ્તદરક હીકમ નીશાપુરી અબુ નઇમ અસ્ફહાનીની કિતાબ, 'બયહકી' ની 'અલબઅસ વન્નોશૂર' અને અહલે સુન્નતની અન્ય મોઅતબર કિતાબો છે.

આએ અહમ કિતાબ છે, જેનાથી અહલે સુન્નતના બુઝુર્ગોએ ફાયદો મેળવ્યો છે અને આ કિતાબના હવાલાથી હદીસો નકલ કરી છે. જેઓએ આ કિતાબથી ફાયદો ઉઠાવ્યો છે તે ઓલમાના નામો આ મુજબ છે.

- અલ્લામા સુયૂતી (વફાત ૯૧૧ હિજરી) હાફિઝ, ઇબ્ને હજર હયશમી (વફાત ૯૭૪ હિજરી) અલી બિન હુસામુદ્દીન મુત્તકી હિન્દી, (વફાત, ૯૭૧ હિજરી) મુલ્લા અલી કારી હનફી (વફાત ૧૦૧૪ હિજરી) મરઇ બિન યુસુફ હમ્બલી (વફાત ૧૦૩૩ હિજરી)

કિતાબના રચનારે લગભગ ૫૦૦ પાના જેટલી મહદી (અ.સ.) બાબતની હદીસો જમે કરી છે, પણ તે છતાં એવો દાવો નથી કર્યો કે મહદીના બાબતમાં તમામ હદીસો જમા કરેલ છે. કિતાબના રચનાર પાના ૧૧, પર લખે છે :-

એ તમામ હદીસોને નીચે જણાવેલ બાર ભાગોમાં તકસીમ કરવામાં આવી છે.

પહેલા ભાગ :

આમાં મહદી (અ.સ.) રસૂલે ખુદા (સ.અ.વ.) ના ખાનદાનમાંથી હોવાનું સાબિત કર્યું છે. અને એ હદીસોથી વાઝેહ થાય છે કે મહદી (અ.સ.) રસૂલે ખુદા (સ.અ.વ.) ના ખાનદાનથી સુ - લ - બે ઇમામ હુસૈન (અ.સ.) ના (વંશ) માંથી છે અને જ્યાં સુધી તેમનો ઝહૂર નહી થાય ત્યાં સુધી કિયામત નહિ આવે.

બીજો ભાગ :

આ ભાગ આપની કુનિયત અને ખુસૂસીયાત પર મુશતમલ છે. આ રિવાયતોથી જાણી શકાય છે કે - હઝરત મહદીનું નામ પર (મુહમ્મદ) હશે, અને તેમની કુનિયત, રસૂલની કુનિયત (અબુલ

કાસિમ) છે. તેમની ઘણી બધી ખુસૂસીયાત પેગમ્બરે ઇસ્લામથી મળતી આવે છે.

ત્રીજો ભાગ :

આ ભાગમાં મહદી (અ.સ.) ની સૂરત અને સીરતની તઝકેરો (ઉલ્લેખ) છે. આ બાબની રિવાયતોથી જાણવા મળે છે કે મહદીની સૂરત નૂરાની, પહોળી પેશાની અને બારીક નાક અને ચહેરાના ડાબા હિસ્સા પર કાળો તલ હશે, જે કોઇ એમને જોશે તેમને તેઓ ચાલીસેક વર્ષના માનશે. (તેમની ઉંમર મોટી હોવા છતાં જવાન દેખાશે.)

ચોથો ભાગ :

આ ભાગમાં મહદી (અ.સ.)ના ઝમાનાની અલામતો અને ફિત્નાઓનો ઝિક્ર કરવામાં આવ્યો છે. ઝુહૂરથી પહેલાં આખી દુનિયામાં ઝૂલ્મ ફસાદ ખુરૂજે સુફિયાની અને તેના લશ્કરનું મક્કા - મદીના દરમ્યાન ફેલાઇ જવું, નફસે ઝકીયહનો કિયામ, નિદાએ આસમાની, જે ઇમામ મહદી (અ.સ.)ના ઝહૂરનો એઅલાન કરશે, મઝકુર મથાળાઓ પર હદીસો આ જ બાબમાં ઉતારેલી છે.

પાંચમો ભાગ :

એવા શખ્સો, જેઓ ઇમામ મહદી (અ.સ.) ની સહાય માટે નીકળી પડશે. આ ભાગની હદીસો એ બતાવે છે કે મહદી (અ.સ.) ના મદદગારો, તેમના દુશ્મનોથી જંગ કરશે એ મશરિક (પૂર્વ) થી લઇને મગરિબ (પશ્ચિમ) સુધી આપની હકુમત બર્પા કરશે.

છઠ્ઠો ભાગ :

આ ભાગમાં મોઅજેઝાઓ કરમાતોની બાબતમાં હદીસો નકલ થયેલી છે અને એ પણ નકલ થયું છે કે જીબ્રઇલ - મીકાઇલ - આપની સાથે હશે અને આપના ઝહૂરના ઝરીએ, તમામ એહલે અ ઝમીન અને આસમાનવાળા, તેમ હયવાનો પરિન્દા - માછલીઓ બધા જ ખુશખુશાલ હશે.

સાતમો ભાગ :

આ ભાગ આપની અઝમત અને બુલંદ મર્તબાના વિષયમાં છે અને લેખકે તેમાં રિવાયતો નકલ કરેલી છે, જે પરથી જાણી શકાય છે કે અમૂક અમ્બીયાઓથી બુલંદ મર્તબાવાળા હશે. ઉલુલ - અઝમ પયમ્બર  હ. ઇસા (અ.સ.) આપની ઇમામતમાં નમાઝ પઢશે. આપનો મર્તબો એટલો બુલંદ છે કે ઇમામ સાદિક (અ.સ.) હંમેશા આપની ખિદમતની આરઝૂ કરતા હતા.

આઠમો ભાગ :

આ ભાગ ઇમામ મહદી (અ.સ.) ના કરમ અને બહાદૂરીની બાબતમાં છે. આ રિવાયતની રૂએ ઇમામ મહદી (અ.સ.) નો દૌર નેઅમત અને નૂરનો યુગ હશે. આપ, ખૂબ જ મહેરબાન અને મમતાળુ હશે. લોકોમાં ખઝાનાઓની વ્હેંચણી કરશે અને કોઇની પણ સાથે જરા જેટલી પણ નાઇન્સાફી - અન્યાય થશે નહીં.

નવમો ભાગ :

મહદી (અ.સ.) ના વિજયો બાબતમાં આ ભાગ છે. આપ રૂમ, કુસતનતનીયહ અ બયતુલ મકદદસ - હિન્દુસ્તાં અને બીજા ગેર મુસ્લીમ મુલ્કો પર ફતેહ હાસિલ કરશે.

આપની ફતેહયાબી માટે આસમાનથી ફરિશ્તાઓ, બીજા મઝહબના લોકો, જુઓ પોતાનો મઝહબ બદલીને મુસલમાન થયા હશે, તેમ સમગ્ર મુસલમાનો મદદ કરશે.

દશમો ભાગ :

આ ભાગની રિવાયતોથી મઅલૂમ થાય છે કે હ. ઇસા (અ.સ.) હઝરત મહદી (અ.સ.) ની પાછળ નમાઝ પઢશે અને આપની બયઅત કરશે અને આપની મદદ માટે  નીકળી પડશે. કોશિશ કરી છે કે મહદી (અ.સ.) અને હઝરત ઇસા (અ.સ.) માં તફાવત છે અને એ લોકો જેઓ કહે છે કે મહદીના ઝુહૂરથી મુરાદ 'નુઝૂલે ઇસા' છે તેઓ ઘણી મોટી ભૂલ પર છે.

અગિયારમો ભાગ :

મહદીની હુકૂમતની મુદતની બાબતમાં છે - આ રિવાયતોની રૂએ મહદી (અ.સ.) ની હકૂમત - સાત વર્ષથી ચાલીસ વર્ષની મુદત સુધી રહેશે.

બારમો ભાગ :

ઇમામ મહદી (અ.સ.) ની હકૂમતની મુશ્કેલીઓ વઅને તે હકૂમતમાં દેખાનારા બનાવોની બાબતમાં છે. સમગ્ર રીતે એમાંથી ''ખુરૂજ દાબ્બતુલ અર્ઝ'' (ઝમીનથી એક જાનદારનું નીકળવું) નો ઝીક્ર પણ કરવામાં આવ્યો છે.

- અને જ્યારે 'દાબ્બતુલ અર્ઝ' નો ખુરૂજ થઇ જશે, તો પછી કાફરોની તવબહ કુબુલ નહી થાય અને તેઓ કદી ઇમાન નહી લાવી શકે.

ગૈબતે સુગરાના ઝમાનામાં હઝરત વલીએ - અસ્ર (અ.જ.) ના વકીલો

હદીસો અને ઇતિહાસ સાક્ષી છે કે હઝરત હુજ્જત (અલ્લાહ એમનો ઝુહૂર જલ્દી કરે) ની ગૈબતે સુગરાના ઝમાનામાં આપ (ઇમામ અ.સ.) વના ચાર ખાસ નાએબીન (પ્રતિનિધીઓ) સિવાય (જેઓ ''નુવ્વાબે - અરબાબ''ના નામથી મશહૂર છે.) પણ વકીલો હતા જેઓ જુદાં જુદાં શહેરો તથા ગામડાંઓમાં જ્યાં જ્યાં શિયાઓની વસતી હતી ત્યાં ત્યાં નીમવામાં આવ્યા હતા. એ લોકો શિયાઓ અને નાએબીનની દરમિયાન સંપર્ક સાધવા માટે નીમાયેલા હતા.

''નુવ્વાબે અરબાઅ'' (ચાર ખાસ નાએબીન (પ્રતિનિધીઓ) અને બીજા વકીલોમાં ફરક ટૂંકમાં બે મહત્વની બાબતો પર છે.

પહેલાં તો એ કે ''નાએબે - ખાસ'' ઇમામ (અ.સ.) ને જાતે રૂબરૂમાં મળતાં હતા. હઝરત મહદી (અ.સ.) ની નજદીકથી ઝિયારત કરી શકતા હતા. શિયાઓના પત્રો, અમેની જરૂરિતો અને એમની ચીજ - વસ્તુઓને હઝરત (અ.સ.) ની ખિદમતમાં જાતે પ્રત્યક્ષ પહોંચાડતા હતા અને હઝરત (અ.સ.) પાસેથી પત્રોના જવાબો તેમજ એમનું ખાસ શિક્ષણ તેમજ લોકોને પહોંચાડવાનું જ્ઞાન મેળવીને, લોકો સુધી પહોંચાડતા હતા. જ્યારે વકીલ આમાંના કોઇ અધિકાર નહોતા.

બીજું એ કે આ ''નાએબીન - ખાસ''ની ઝીમ્મેદારીઓમાં 'દિન' ની હીફાઝત (ધર્મની રક્ષા) ની સાથે સાથે શિયાઓના પ્રશ્નો તેમજ મુશ્કેલીઓ પર નજર રાખવી, એ પણ જવાબદારી હતી. પછી ભલે એ પોતાના જ શહેર, ગામડાં કે કસ્બામાં હોય કે દૂર વસતા હોય. જ્યારે વકીલો ફક્ત પોતાના જ શહેર અથવા ઇલાકા માટે નીમાયેલા હતા.

બીજું વકીલોને નીમવાનું અગત્યનું કારણ અને એની જાહેર મસ્લેહતથી નીચે પ્રમાણે અર્થ-ઘટન થઇ શકે:

(અ) ''નાએબીને - ખાસ'' ના અગત્યના અને મહત્વનાં કાર્યોને સરળ અને આસાન બનાવવા માટે, વકીલોને શામેલ કરવામાં આવ્યા હતા. કેમ કે એક વ્યક્તિ માટે પૂર્વ તેમ જ પશ્ચિમના દેશો સાથે સતત વ્યવહાર રાખવો એ એક બહુ જ મુશ્કેલ વાત હતી. તદઉપરાંત ધર્મના હુકમો પહોંચાડવા, પુરી શિયાઓની વસ્તીઓમાં શિયાઓની જરૂરિયાત પર ધ્યાન આપવું, પત્રોના જવાબ આપવા, તેમજ અમાનતો - થાપણો વિગેરેનો સાચા માર્ગો ઉપભોગ. આ બધા કામો માટે એક જ કેન્દ્ર હોય તો પારાવાર મુશ્કેલી પડે, ખાસ કરીને જ્યારે આ બધાં કાર્યો પોશીદા (ગુપ્ત) રીતે પાર પાડવાના હોય, કારણ કે એ જમાનાની ઝાલીમ હકુમત હંમેશા ''નાએબીને ખાસ'' પર ચાંપતી નજર રાખવી હતી.

(બ) જનતા માટે પણ લેવડ - દેવડ અને પ્રશ્નોની છણાવટ સરળ બનાવવાનો મુદ્દો હતો, જેમ કે સંપર્ક માટે વચ્ચે માધ્યમ અને એમની જરૂરિયાત, એમની મૂંઝવણો વઅને એમના સવાલોનું ફેલાયેલુ વિસ્તરણ. આ બધામાં એ જોવાનું નહોતું કે કોણ ઇરાની છે અને કોણ હીજાઝી છે કારણ કે આ વકીલો, બગદાદમાં સ્થાયી થયેલા ''નાએબીને ખાસ'' ને કોઇ પણ અડચણ વિના - માધ્યમ વિના પ્રત્યક્ષ મળી શકતા હતા.

(ક) આ ચારે ''નાએબીન - ખાસ'' ને ગુપ્તતામાં રાખવા માટે વકીલોને સાથે રાખવા. એ પણ એક મુદ્દો હતો, જેથી એમના નામ તથા એમની વિશિષ્ટતાઓ ગુપ્ત રહે અને દુશ્મન ઓળખી ન શકે. નહી તો શક્ય હતું કે એમની પકડી કેદખાનામાં નાખી દેવામાં આવે અથવા તો મારી નાખવામાં આવે.

હદીસો તથા ઈતિહાસથી એવાત છતી થાય છે કે ઇમામ (અ.સ.) ના નાએબો, એમના જમાનાથી જાલીમ હુકુમતોનથી ધમકીઓના શિકાર બનાતા રહ્યા હતા.

અહી અમે ઇમામે ઝમાના (અ.સ.) ના થોડા વકીલોનાં નામ આપીએ છીએ. કેટલાક એવા વકીલો પણ હતા જેમના નામો ઇતિહાસમાં નથી મળતાં એવું બની શકે કે તેઓ ખામોશી સાથે ગુપ્ત રીતે પોતાના કાર્યો કરતા હોય અથવા તો ઇતિહાસકારોની પહોંચ અમેના સુધી ન રહી હોય.

(૧) હાજીઝ બીન યઝીદ, જેમનું લકબ ''વશાઅ'' ('મન્તહુલ મકાલ' - જીલ્દ ૧, પાનું ૨૪૧) ''કુલયની (રહ.)'' એ પોતાની સનદથી મોહમ્મદ બીન અલ - હસન અલ - કાતીબ મહરૂઝીથી રિવાયત નકલ કરી છે. એમનું બયાન છે : મેં હાજીઝ અલ વશાઅને બસ્સો દિનાર આપ્યા અને ઇમામ (અ.સ.) ને આ બાબત લખીને જણાવી. ઇમામ (અ.સ.) ની બારગાહમાં એ મળી ગયા તેની ખબર મને મળી ગઇ.

(૨) ''અલ બીલાલી'' - એનું પુરૂં નામ ''અબુ તાહેર મોહમ્મદ બીન અલી બીન બીલાલ'' હતું.

સૈયદ ઇબ્ને તાઉસ (રહ.) એમની કિતાબ ''રબીઉશ - શિયા મીનલ વોકલાએ મજજુદીન ફીલ ગૈબતે સુગરા''માં એ પ્રખ્યાત અને જાણીતી વ્યક્તિઓ જેઓ ઇમામની પવિત્ર

બારગાહમાં ઉપસ્થિત હતા એમના વિશે કોઇ શંકા નથી કે તેઓ ઇમામે હસને અસ્કરી (અ.સ.) ની ઇમામતના માનવાવાળા હતા, લખ્યું છે કે બીલાલીનો પણ આ લોકોમાં સમાવેશ કરવામાં આવ્યો છે. (''જામેઉલ - રવાત'' જી. - ૨, પા. ૧૫૩) શેખ સદુકે (રહ.) પણ એમની કિતાબ ''કમાલુદ્દીન''માં એમને વકીલોના લીસ્ટમાં શામેલ કર્યો છે.

(૩) ઇબ્ને મહઝીયાર - મોહમ્મદ ઇબ્ને ઇબ્રાહીમ (અ.સ.) - સૈયર ઇબ્ને તાઉસે (રહ) એમને વકીલો અને નજદીકની મશહૂર અને જાણીતી વ્યક્તિઓમાં શામેલ કર્યા છે. એમનું ઇમામે હસને અસ્કરી (અ.સ.) ને ઇમામ તરીકે માનવું, એ ઓલમાઓએ માની લીધેલી હકીકત છે. (જામેઉલ - રવાત -જી ૧ પાનું ૪૪)

સદુક (અલૈહીર - રહમ) એ પોતાની કિતાબ ''કમાલુદ્દીન'' માં એમને વકીલોની નામાવલીમાં સામેલ કર્યા છે. જેમ કે ઇમામ (અ.સ.) નું એક ફરમાન એમના વિશે, આ પ્રમાણે છે : ''કદ - અકમનાક - મકામ - અબીક - ફહમદીલ્લાહ'' - એટલે ''અમે તમને તમારા પિતાની જગ્યાએ નીમ્યા છે. બસ, તમે ખુદાનો શુક્ર કરો.''

(૪) ઇબ્ને મહઝીયાર - ઇબ્રાહીમ ઇબ્ને મહઝિયાર - કુનીયત ''અબુ મોહમ્મદ'' મોહમ્મદ ઇબ્ને ઇબ્રાહીમના વાલીદે બુઝુર્ગવાર થાય. એમના વિશે પણ ઉપર કહી ગયા છીએ.

સૈયદ ઇબ્ને તાઉસ (અલૈયહી - રહમ) ''રબીઉસ - શિયાઅ'' નામની કિતાબમાં એમને ઇમામે - ઝમાના (અ.સ.) ના વકીલોમાં શુમાર કર્યા છે. આથી ઉપર જણાવેલ પુસ્તકોમાં લખેલ વાત એમના વકીલ હોવાની દલીલ છે.

(૫) એહમદ બીન ઇસ્હાક - બીન સઅદ બીન માલીક અહલે કુમ, કુમ - વાળાઓ માટે પ્રતિનિધી હતા. એમણે ઇમામ અલી નકી (અ.સ.) થી રિવાયત કરી છે. ઇમામ હસને અસ્કરી (અ.સ.) ના ખાસ સહાબી હતા. (''રેજાલુન્નજ્જાશી'' પાનું ૭૧) ઇમામ હસન અસ્કરી (અ.સ.) એ એમને ઇમામ મહદી (અ.સ.) ની વીલાદતની બશારત આપી હતી. (''અલ - ગૈબત'' : પાનુ ૨૫૮) ''રબીઉશ - શીઆ'' માં સૈયદ બીન તાઉસે (અ.ર.) એમને વકીલોની નામાવલિમાં શુમાર કર્યા છે. (''જામેઉર - રવાત'' - જી - ૧, પાનું ૪૨ - ૧૩૧) સદુક (રહ.) પણ એમને વકીલોમાં શુમાર કર્યા છે. (''કમાલુદ્દીન'')

(૬) મોહમ્મદ બીન સાલેહ : બીન - હમદાની અદ - દહેકાન ઇમામ હસને અસ્કરી (અ.સ.) ના અસ્હાબ હતા અને નાહીયએ - મુકદદસના વકીલ હતા. (''જામેઉલ રવાત'' -જી - ૧, પાનું ૪૨ - ૧૩૧)

શેખ સદુકે (રહ.) અમેને વકીલોની નામાવલિમાં શામેલ કર્યા છે. ''રેજાલે કુશી'' માં લખાણ છે કે ઇમામ મહદી (અ.સ.) નું ફરમાન જે ઇસ્હાક બીન ઇસ્માઇલને નામે છે, એ એમના દલીલ છે. જેમ કે એમણે (ઇમામે) ફરમાવ્યું : ''જ્યારે બગદાદ પહોંચો તો આ સંદેશો 'દહેકાન'ને સંભળાવો. એ અમારો વકીલ અને અમારા માટે ભરોસાપાત્ર વ્યક્તિ. એ અમારા દોસ્તો પાસેથી (અમારા) હક્કો વસુલ કરે છે.'' (''રેજાલે કુશી'' પા. ૪૮૫)

પણ અફસોસ થાય છે કે એ વાત પર કે તેઓ પોતાની આખરી જીંદગીમાં મુનહરીફ થઇ ગયા. (ફરી ગયા) એ અગાઉ બહુ જ ભરોસાપાત્ર હતા. હઝરત (અજ.) ની તૌકીઅ (ફરમાન) મુબારકમાં આ પ્રમાણે એમને વખોડી કાઢ્યા છે : ''તમે દહેકાનની લેવડ - દેવડ વિશે જાણતા થઇ ગયા છો. ખુદા એના પર લઅનત કરે.'' (''જામેઉર - રવાત'' - જી. ૨ પાનું ૮૩ - ૪૨૭)

(૭) અલ - અસદી : મોહમ્મદ બીન જઅફર બીન મોહમ્મદ બીન ઔન અલ - અસદી, અર - રાઝી. આ એક બહુ જ મશહૂર વ્યક્તિઓમાંથી હતા. (''જામેઉર - રવાત'' જી. - ૨, પાનું ૮૩ - ૪૨૭) જનાબે સદુકે (રહ.) અમેનો ઉલ્લેખ એ હદીસ માટે કર્યો છે, જે એમના પોતાનીથી રિવાયત થઇ છે. (''કમાલુદ્દીન'') અને એમની એક કિતાબ પણ છે જેનું નામ ''અર - રદ્દી અલ અહલીલ ઇસ્તેતાઅતે'' ઇમામ મહદી (અ.સ.) એ અસદીને હાજીઝની જગ્યા પર નીમ્યા હતા. (''ફેહરીસ્તે શેખ'' પાનું - ૧૭૯)

(૮) અલ કાસીમ બીન અલ - અલા - આઝરબૈજાનના રહેવાસી હતા. સદુકે (રહ.) એમને વકીલોની નામાવલીમાં શામીલ કર્યા છે.

સૈયદ ઇબ્ને તાઉસનું બયાન છે કે તેઓ નાહીયા મુકદદસના વકીલોમાંથી હતા. એમની કુનીયત ''અબુ મોહમ્મદ'' હતી. ૧૦૭ વર્ષનું આયુષ્ય ભોગવ્યું. ૮૦ વર્ષની ઉંમર સુધી આંખોનું તેજ સલામત હતું ઇમામ અલી નકી (અ.સ.) એન ઇમામ હસન અસ્કરી (અ.સ.) ની ઝીયારતથી પણ મુશરરફ થયા હતા. એમના વિશે હઝરત સાહેબુઝઝમાન (અ.જ.) નું ફરમાન પણ પ્રસિદ્ધ થયું છે કે અબુ જઅફર બીન ઉસ્માન અમ્રવી અને એમની પછી અબુલ કાસીમ હુસૈન બની રૂહાની સાથે સંબંધ ન તોડજો. (ગૈબત શેખ - પાનું ૧૮૮ અને એ પછી)

(૯) અલ હસન બીન અલ - કાસીમ બીન અલઅલા. એમના વાલીદ કાસીમ બીન અલ - અલાના ઇન્તેકાલ પર ઇમામે ઝમાના (અ.સ.) એ એમના પુત્ર હસને દિલાસો દેતી વખતે

આ પ્રમાણે ફરમાવ્યું : ''અમે તમારા પિતાને તમારા પેશવા તરકી નીમ્યા છે. અમેના કાર્યસિદ્ધિ તમારા માટે દ્રષ્ટાંતરૂપ છે. આ ફરમાનથી સાબિત થાય છે કે હસન પણ નાહીયાએ મુકદદસના વકીલોમાંથી હતા.''

(૧૦) મોહમ્મદ બીન શાઝાન બીન નઇમન - નોઅયમી શેખ સદુક (અ.ર.) વકીલોની બાર વ્યક્તિઓની નામાવલીમાં એમનું નામ લખ્યું છે, જેમાં બે નામ નાએબીને ખાસ, ઉસ્માન બીન સઇદ અમ્રવી અને એમના ફરઝંદ મોહમ્મદ બીન ઉસ્માનના છે.

(૧૧) અલ - અત્તાર : શેખ સદુકે (રહ.) એમને વકીલોની યાદીમાં શામેલ કર્યા છે. પણ આ ''અત્તાર'' કોણ, એ નક્કી નથી. કારણ કે ''અત્તાર'' અકબના બીજા પણ માણસો છે. જેવી રીતે મોહમ્મદ બીન યહ્યા અલ - અત્તાર, એમના દીકરા અહમદ બીન મોહમ્મદ બીન યહ્યા, બીન અલ - મુશન્ના અલ - અત્તાર, અલ - હસન બીન ઝીયાદ અલ - અત્તાર, અલી બીન મોહમ્મદ બીન અબુલ હમીદ અલ - અત્તાર, મોહમ્મદ બીન અહમદ બીન જઅફર અલ - કુમ્મી અલ - અત્તાર, અને દાઉદ બની યઝીદ અલ - અત્તાર વગેરે. એટલે નક્કી ન કહદીશકાય કે એમાંથી ક્યા ''અત્તાર'' વકીલે નાહીયા હતા.

(૧૨) અલ આસમી : શેખ સદુકે (રઝ.) એમનું નામ વકીલોની નામાવલીમાં નોંધ્યું છે, પણ આ નામની બે વ્યક્તિઓ હોવાથી, એ સાબિત નથી થયું કે કોણ નાહીયાએ મુકદદસાના વકીલ છે.

(૧૩) અબુ અબ્દે બઝુકવી : અલ - હુસૈન બીન અલી બીન સુફયાન બીન ખાલીદ બીન સુફયાન.

(૧૪) ઇબ્રાહીમ બીન મોહમ્મદ અલ - હમદાની : નાહીયાએ મુકદદસાના વકીલ હતા અને એમણે ૪૦ વાર હજ કરી હતી. (કિતાબ : 'ગૈબતે તૂસી' પાનું ૧૮૭) આપ ઇમામ રેઝા (અ.સ.), ઇમામ મોહમ્મદે તકી (અ.સ.) ઇમામ અલી નકી (અ.સ.) અને ઇમામ હસને અસ્કરી (અ.સ.) ના ઝમાના જોયા હતા.

(૧૫) અહમદ બીન યસઆ બીન અબ્દુલ્લાહ અલ - કુમ્મી. ''વસાએલ'' ના લેખક કહે છે, દેખીતી રીતે એ ઇબ્ને હમ્ઝા બીન યસઆ હતા.

(૧૬) અય્યુબ બીન નૂહ : એ ઇમામ અલી નકી (અ.સ.) અને ઇમામ હસન અસ્કરી (અ.સ.) ના સહાબીમાંથી હતા. એ બન્ને ઇમામોના વકીલ હતા. ઇમામ હસન અસ્કરી (અ.સ.) એ એમના જન્નતી હોવાની બશારત આપી હતી.

(૧૭) અલ જઅફરી અબુ હાશીમ દાઉદ બીન અલ - કાસીમ બીન ઇસ્હાક બીન અબ્દુલ્લાહ જઅફર બીન અબુ તાલીબ. સૈયદ બીન તાઉસે (રહ) રબીઉલ - અબરાહમાં લખ્યું છે એ સફીરોમાંથી હતા (એલચીઓમાંથી હતા.) શેખ અલી - હાએરીએ કિતાબ ''અલ - લેઝામુન - નાસીબ'' માં એમને નાહીયાએ મુકદદસની નામાવલીમાં સમાવેશ કર્યો છે.

(૧૮) અલ - રાઝી અહેમદ બીન ઇસ્હાક. અરદેબેલીએ ''જામેઉર્ - રવાત'' માં એમને ઇમામ અલી નકી (અ.સ.) ના સહાબીમાં સુમાર કર્યા છે.

(૧૯) અબુ જઅફર મોહમ્મદ બીન અહમદ.

(૨૦) ઇબ્રાહીમ બીન મોહમ્મદ, (૨૧) અલ - હસન બીન મહબુબ (૨૨) અમ્રુ અલ - હવાઝી (૨૩) અબુ મોહમ્મદ અલ - વજનાતી.

શેખ અલી અલ - હાએરી અલ - યઝીદીએ કિતાબ ''લેઝામુન - નાસીબ''માં લખ્યું છે કે ''સોફરાએ - અરબાબ'' (ચાર ખાસ નાએબો) ના જમાનામાં એવ ભરોસાપાત્ર વ્યક્તિઓ હતી જે ચાર ખાસ નાએબો તરફથી ઉપર લખેલા ચાર નામો પણ શામેલ છે.

છેલ્લે બારગાહે ખુદાવંદીમાં હકીકતે આલે મોહમ્મદ અલયહેમુસ્સલામનો વાસ્તો આપીને એક જ દૂઆ છે કે અમો સર્વેને ઇમામે ઝમાનાના વકીલોના ગુલામનાં ગુલામોમાં સુમાર ફરમાવે.


આપણે ઇમામ મહદી (અ.સ.) ગૈબતમાં રહી લોકોની તકલીફ વખતડે મદદ કરતા રહ્યા છે.

ઇસ્લામના મહાન આલીમો -લેખકોની કલમે લખાયેલી ભરોસાપાત્ર કિતાબોમાંથી ચૂંટેલા કેટલાક ઇમામની મુલાકાત અને અમેની મદદના પ્રસંગો

''દીદારે નૂર'' માં વાંચો

એસોસીએશન ઓફ ઇમામ મહદી (અ.સ.)

નું પ્રકાશન

''દીદારે નૂર '' મંગાવો

હદીયો રૂા. ૫/- (રૂા. ૧ના પોસ્ટલ સ્ટેમ્મમાં મોકલો)

(પોસ્ટેજ ફ્રી)

એસોસીએશન ઓફ ઇમામ મહદી (અ.સ.)

પો. બો. નં. ૫૦૦૬

મુંબઇ - ૪૦૦ ૦૦૯

બિસ્મેહી તઆલા વ બે - ઝિક્રે વલીયેહી

માનવંતા અઝીઝ - સલામ અને રહમત

ઉમ્મેદ છે કે ખુદા અને ખુદાના હુજ્જત (અ.સ.) ની ઇનાયતોથી આપ ખૈરો - આફિયતમાં હશો. હઝરતના મુબારક નામથી સંબોધિત પ્રકાશન - ''અલ - કાએમ અલ - મુન્તજર'' 'ખાસ અંક' અત્યારે આપના હાથોમાં છે. આપને આ અંક મળ્યો છે, તેની પહોંચ અમને જરૂર લખશો, જેથી જાણી શકાય આ ખાસ અંક આપ સુધી પહોંચી શક્યો છે. આપ જાણ નહી કરો તો અમને તે અંગની ચિંતા રહેશે કે આ અંક આપ સુધી પહોંચ્યો નહી હોય!! અને એ બિના પર હવે પછી અંક મોકલવામાં આવશે નહી.

ગુઝારિશ છે કે આ અંક મળ્યા બાબતની જાણ કરશો અને તેની સાથે મોકલેલ પ્રશ્નાવલિમાં જવાબો ભરીને મોકલી આપશો. આપ અમને તે માટે અમે મોકલેલ કવરન ઉપયોગ કરશો. એના પર ટિકિટો ચોંટાડવાની જરૂર નથી. અને જો આપ આપના કોઇ સગા કે દોસ્તને માટે તે રિસાલો ઇચ્છતા હોવ તો તેમનું નામ અને સંપૂર્ણ સરનામું મોકલી આભારી કરશો.... (તંત્રી)

અલ - કાએમ અલ - મુન્તઝર

શાબાન, ૧૪૧૦ હિજરી

પ્રશ્નાવલિ

નામ ....................................................

ઉમર વર્ષ : ..................... વ્યવસાય : .............

ઘર નંબર : ..................... બિલ્ડીંગ : .............

સ્થળ : ...................................................

પોસ્ટ ઓફિસ : .........................................

જીલ્લો : .......................... રાજ્ય : ................

પીનકોડ : ...............................................

(સાચા જવાબ સામે કુંડાળામાં (સાચા ની નિશાની ..........) કરો.

સવાલ નંબર : ૧ હ. મહદી (અ.સ.) ના જન્મ અગાઉ શીઆ - સુન્નીઓએ તેમની બાબતમાં જે કિતાબો લખેલી છે. -

૦ સહીહ બુખારી - કાફી -કુલૈન

૦ અખ્બારે અલકમહદી ઉબાદ બિન યઅકુબ - અલગયબત ફઝલ બિન શાઝાન.

૦ કન્ઝુલ ઉમ્માલ મુત્તકી હિન્દી - કમાલુદ્દીન શૈખ સદુક.

સવાલ નંબર ૨ : અકીદ - એ - મહદી લોકોના દરમ્યાન એટલો જાણીતો અકીદો હતો કે જ્યારે કોઇને મહદી તરફ - નિસ્બત - આપવામાં આવી તો લોકો તેમની આસપાસ એકઠાં થઇ ગયાં. ક્યા લોકો તરફ આ ગલત નિસ્બત જોડી દેવામાં આવી.

૦ 'કયસાનિયહ એ મોહમ્મદ બિન હ - ન - ફીયહ તહરફનિસ્બત જોડી.'

૦ 'ઝયદિયહ' એ ઝયદ બિન અલીને મહદી તરીકે જાણ્યા.

૦ બન્ને જવાબ સાચા છે.

સવાલ નંબર ૩ : શા માટે લોકો બનાવટી મહેદી પર ઇમાન લાવ્યા?

૦ એ લોકોની યક્તિગત પરિસ્થિતિ ને કારણે?

૦ એટલા માટે કે સમાજની હાલત ઘણી ખરાબ હતી. અને લોકો એક સાચા નજાત અપાવનારાના ઇન્તેઝારમાં હતા?

૦ લોકો બનાવટી મહદીનો ઉપયોગ હકુમત હાસિલ કરવા માટે કરતા હતા?

સવાલ નંબર ૪ : બનાવટી મહદીનો ઝહૂર -

૦ ઇસ્લામના દરેક ફિર્કામાં થયો?

૦ ફક્ત શીઆઓ દરમ્યાન થયો છે?

૦ ઇસ્લામ સાથે તેનો કોઇ સંબંધ નથી - તે એક રાજકીય પ્રશ્ન છે?

સવાલ નંબર ૫ : લાંબી ઉમર વીતાવવી

૦ અક્કલની વિરૂદ્ધ છે -

૦ આદતની વિરૂદ્ધ છે

૦ શરીઅતની વિરૂદ્ધ છે.

સવાલ નંબર ૬ : જ. ''ઉઝૈર'' સાથે જે ચીજો ખરાબ થવાથી બચી ગઇ, એ

૦ આપનો ખચ્ચર? ૦ લિબાસ ? ૦ ખાવાની વસ્તુઓ ?

સવાલ નંબર ૭ : રજઅતનો શો અર્થ છે?

૦ પાછા ફરવું?

૦ મુર્દાઓનું ફરીથી જીવતાં થવું?

૦ બન્ને જવાબ સાચા છે.

સવાલ નંબર ૮ : અહલે સુન્નતના બુઝર્ગ આલિમ મુત્તકી હિન્દીએ કિતાબ ................ માં ૫૮, હદીસો હઝરત બાબતની નકલ કરી છે.

૦ 'કન્ઝૂલ ઉમ્માલ'

૦ 'અલમશરબુલ વર્દી, ફી મઝહબિલ મહદી'

૦ 'ગાબ્બતુલ મઅમૂર'

સવાલ નંબર ૯ : સુન્નીઓના ઇન્કાર છતાં રજઅતની શી દલીલ છે?

૦ ખુદા મુર્દાઓને જીવંત કરવાની શક્તિ ધરાવે છે.

૦ રસૂલે ખુદાની હદીસ – કે જે કંઇ ગત ઉમ્મતો માં થઇ ચૂક્યો છે, તે આ ઉમ્મતમાં પણ થશે. થત ઉમ્મતોમાં – રજઅત હતી તેથી આ ઉમ્મતમાં પણ થશે.

૦ કિયામતનો અકીદો રજઅતના મુમકિન હોવાની દલીલ છે.

સવાલ નંબર ૧૦ : આ આયત કોની તરફ ઇશારો કરે છે? ''યવ્મ નહ – શ – રો – મિન કુલ્લે ઉમ્મતિન – ફવ – જન''.

૦ કયામત ૦ બરઝખ ૦ રજઅત

સવાલ નંબર ૧૧ : ''આ દિન બાકી રહેશે કે જ્યાં સુધી કે મારા બાર જાનશીન, જેઓ ઉમ્મતને એકઠા કરશે, તમારા પર રાહબરી કરશે'' આ હદીસ પૈગમ્બરના ક્યા સહાબીથી નકલ થયેલી છે?

૦ અબૂ હુરૈરહ ૦ ઇબ્ને મસ્ઊદ ૦ જાબિર બિન સુમરહ

સવાલ નંબર ૧૨ : અઇમ્મએ ઇસ્નાઅશરની હદીસ, શું – ''સિહાહે સિત્તહ'' (એહલે સુન્નતની ૬, મોઅતબર કિતાબો) માંથી કોઇ કિતાબમાં મૌજુદ છે?

૦ નહી ૦ હા ૦ કદાચ

સવાલ નંબર ૧૩ : શું ''બની ઉમૈયહ'' ના ખલીફાઓ અને 'બની અબ્બાસી' ના ખલીફાઓની સંખ્યા પેગમ્બર (સ.અ.વ.) ના કથન સાથે સરખામણી ધરાવે છે?

૦ હા ૦ નહી ૦ 'બની ઉમૈયહ' ના ખલિફાઓની સંખ્યા બાર છે, પણ 'બની અબ્બાસ' ની નથી.

સવાલ નંબર ૧૪ : આ અકીદો કે હઝરત મહદી (અ.સ.) ભોયરામાં ઝિંદગી વીતાવી રહ્યા છે?

૦ કોઇપણ શીઆ કિતાબમાં નથી.

૦ સુન્નીઓએ તેને નકલ કરી છે.

૦ બન્ને જવાબો સાચા છે.

સવાલ નંબર ૧૫ : હ. ઇમામ મહદી (અ.સ.) ની વિલાદતને અમૂક સુન્ની ઓલોમાઓએ પણ નકલ કરી છે – જેમ કે :

૦ ઇબ્ને હજર અસ્કાલાની

૦ અબ્દુરહેમાન જામી હ – ન – ફી

૦ હાફિઝ ગન્જી શાફેઇ.

સવાલ નંબર ૧૬ : શું કુરઆને કરીમમાં હઝરત મહદી (અ.સ.) નો ઉલ્લેખ છે?

૦ 'નુરૂલ અબ્સાર' માં આ આયત –

''બકી – ય – તુલ – લા – હ – ખયરૂન લ – કુમ'' – હ. મહદી (અ.સ.) ના સંબંધમાં છે.

૦ સઇદ બિન જબીરે આ આયત :

''હોવલ લ – ઝી અર – સ – લ રસૂ – લ – હૂ બિલ – હોદા વ દીનિલ હક – કે'' એ હઝરતના સંબંધમાં છે, એમ લખ્યું છે.

૦ બન્ને જવાબ સાચા છે.

સવાલ નંબર ૧૭ : અકી – દ – એ મહદીનો ઇન્કાર કરવાવાળ –

૦ કાફિર છે? કારણ કે પેગમ્બરની હદીસનો ઇન્કાર કરી રહ્યા છે.

૦ ગુમરાહ અને બિદઅતી છે? – કારણ કે ''સહાબા'' અને 'તાબેઇન' અને 'ઓલોમાઅ' – આ અકીદાના કાઇલ છે? (તેમાં માન્યતા ધરાવે છે?)

૦ શું બન્ને બાબતો સાચી છે?

આપના સગા કે મિત્રને ''અલ – કાએમ અલ – મુન્તઝર'' નો અંક મોકલવો છે?

નામ ..................................................

ઉમર વર્ષ : ..................... વ્યવસાય : .............

ઘર નંબર : ..................... બિલ્ડીંગ : .............

સ્થળ : ..................................................

પોસ્ટ ઓફિસ : ..........................................

જીલ્લો : .......................... રાજ્ય : ................

પીનકોડ : ..............................................

કત્લથી બચવા માટે મક્કાથી મદિના હીજરત કરી ગયા, પણ થોડાં વર્ષો પછી પૈગમ્બર (સ.અ.વ.વ.) પોતાના વતન પાછા આવી ગયા. આપને ઘર છોડ્યાને સેંકડોં વર્ષ વીતી ગયા પણ, એ મૌલા! આપના ચાહકો આજ સુધી આપની રાહ જોઇ રહ્યા છેફ. મૌલા હ. અલી (અ.સ.) ની જેમ આપના હક્કો પણ છીનવી લેવામાં આવ્યા છે. નવાઇ નહી કે આપની જીભ પર પ આ શબ્દો હોય : ''મે રેવી હાલત માં ધરીજ ધરી છે કે આંખો માં કાંટા હતાં અને ગળામાં હાડકું હું કોઇ જોઇ રહ્યો હતો અને મારી રિસ લુંટાઇ રહી હતી.'' (''નહજુલ - બલાગાહ'')

મૌલા, આપના કાનોમાં આ આવાજ પણ આવતો હશે : ''મારા પર એટલી મુસીબત પડ કે દિવસ પર પડતે તો અંધારી રાત થઇ જતે.'' આજે પણ 'અલ - અતશ' 'અલ - અતશ' નો અવાજ દિલને તડપાવતો હશે. મૌલા, કલમમાં શક્તિ નથી કે તમારી મુસીબત જણાવી શકીએ.!

ખુદાની કસમ, અગર અલી (અ.સ.) નાં હક પર કબ્જો કરવામાં ન આવતે, ખુદાની કસમ જનાબે સૈયદા પર દરવાજો ન તોડી પાડવામાં આવતે - અગર પાંસળીઓ ન તુટતે, અગર અલી (અ.સ.) ને તલવારથી શહિદ કરવામાં ન આવતે, તો કોની મજાલ હતી કે જુલ્મની પરંપરા આગળ વધારતે.

એ મહેદીએ અઝીઝ, આજ આપના દોસ્તો, ચાહકો હજારો વર્ષથી આપના વિયોગનું દુઃખ સહન કરી રહ્યા છે. અને આપની રાહ જોઇ રહ્યા છે. અને દુશ્મનોને કહી રહ્યા છે કે તમો ગમે તેવા જુલ્મ કરો પણ અમારો ઇમામ સાથેનો સંબંધ અતૂટ છે. અમે ગળું કપાવી દેશું પણ ઇમામથી અલગ નહી થઇ શકીએ. લોકો જાણે છે કે આપની નેઅમત આશીર્વાદરૂપ છે. એ દિલ બિમાર છે, જેમા૦ આપનો પ્રેમ નથી. એ આંખો આંધળી છે, જેમાં આપના દિદારની તમન્ના નથી. એ કાન બહેરાં છે, જેમાં આપના અવાઝને સાંભળવાની આશા નથી.

એ યુસુફે ઝહેરા (અ.સ.), અમે અમારા વર્તણૂંક પર શરમીંદા છીએ - ગુનેગાર છીએ, તો પણ આપની ઝીયારતનાં તલબગાર છીએ?

અમે દર જુમ્માના ક્યાં સુધી ફરીયાદ કરીએ? 'અયના બકીયતુલ્લાહ, અયના મોઇઝઝુલ, અવલિયાઅ વ મોઝીલ્લુલ અઅદાઅ' (''દુઆએ અ નુદબા'')

મૌલા, અમે આપના તરફ આવવા ચાહિએ છીએ, પણ ગુનાહ અમોને રોકે છે. તમોને જોવા ઇચ્છીએ છીએ પણ ગુનાહો આડશ બની જાય છે. આપની અવાઝ સાંભળવા ઇચ્છીએ છીએ પણ નાફરમાની વચ્ચે આડી આવે છે. મૌલા, આપના દરવાજાનો સહારો છે. આપના વડવાઓની ઓથ છ. અય અઝીઝ, અમારાં ગુનાહોને ક્ષમા આપ. મૌલા, કઇ જીભથી આપને બોલાવીએ અને કઇ રીતેથી આપને ફરિયાદ કરીએ? કેમ કે જીભ સિવાઇ ગઇ છે. કલમ હારી ગઇ છે.

એ ગુલે - નરજીસ, આપની સુવાસથી અમને જીવન અર્પો.

''ખુદાયા, અમારી મુશ્કેલીઓને એમના થકી દૂર કર. અમારા વચ્ચેનાં ભેદભાવ, વેરવીખેર હાલતને, એમનાં થકી મૈત્રી અને એકતામાં પલટાવી નાખ. અમારી ઓછી સંખ્યાને એમના થકી દૂર ફરમાવ. એમનાં ઝુહૂરથી અમારી ઝીલ્લતને ઇઝઝતમાં બદલી દે. ખુદાયા, એમના થકી દિલોનાં કીનાનો સાફ કરી દે. 'દિલોની' બિમારીને દૂર ફરમાવ. ખુદાયા, એમનાં ઝરિયે દુશ્મનો પર ફતેહ આ. ખુદાયા, અમારી દુઆઓ કબુલ ફરમાવ.'' - (''દુઆએ ઇફતતાહ'')

એ ઇમામે અસ્ર (અ.સ.) આપનાં ઝુહૂરમાં વિલંબથી અમારા પ્રાણ થઇ રહ્યાં છે. - પણ અમને આપના આગમનનો વિશ્વાસ છે. કાશ ! આ જીંદગીમાં આપને જોઇ લેત? અને અગર જીંદગીએ સાથ ન આપ્યો તો એ ફરઝંદે ઝહેરા (અ.સ.) ! આપનાં ઝુહૂરનાં સમયે રજઆતમાઃ દિદારથી વંચિત ન રાખતા.

હ. ઇમામ મહદી (અ.સ.) ફરમાવે છે.

* ''અમે તમારૂં ધ્યાન રાખવામાં કશી ચૂક નથી કરતા અને તમને દિલમાંથી ભૂલતા પણ નથી. જો એવું થાત તો આપત્તિઓ અને સંકટો તમારા ઉપર તૂટી પડતે અને દુશ્મન તમને કચડી નાખતે.''

* ''જો અમારા શિઆઓ - અલ્લાહ એમને પોતાની ઇતાઅત કરવાની તૌફીક આપે - સાચી અને સંપૂર્ણ મઅરેફતના આધારે પોતાના કોલ - કરાર પૂરા કરવામાં - જેનું પાલન કરવું તેમના પર જરૂરી છે - એક સંપ થઇ જાત, તો અમારી મુલાકાત કરવાનું સદ્ભાગ્ય મેળવવામાં મોડું ન થતે. તેઓને બહુ વહેલા અમારા દિદારૂ નસીબ થતે.'' (કિતાબ ''દિદારે નૂર'' પાનું ૯-૧૦)